# કામકાજનો ટૂંકો અહેવાલ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## બીજું સત્ર

**(તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ થી તા.૨૯મી માર્ચ, ૨૦૨૩)**

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**વિઠ્ઠલભાઇ પટેલ ભવન,**

**ગાંધીનગર.**

**૨૦૨૩**

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં પંદરમી ગુજરાત વિધાનસભાનું બીજું સત્ર (તા.૨૩/૦૨/૨૦૨૩ થી તા.૨૯ /૦૩/૨૦૨૩)દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઇને તે ઉપયોગી નિવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય4
વિઠ્ઠલભાઇ પટેલ ભવન**4**
સેક્ટર નં. ૧૦4
ગાંધીનગર.
તારીખ :૧૯/૦૫/૨૦૨૩.

**ડી . એમ. પટેલ**
**સચિવ**
**ગુજરાત વિધાનસભા**

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | ૨. | | ૩. |
| ૧ | પંદરમી ગુજરાત વિધાનસભાનું બીજું સત્ર (તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ થી તા.૨૯મી માર્ચ, ૨૦૨૩)દરમિયાન થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨ | પત્રક ક્રમાંક : ૧ | સત્ર દરમિયાન જુદા જુદા કામકાજે લીધેલા સમય અને ટકાવારી | |
| ૩ | પત્રક ક્રમાંક : ૨ | સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪ | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી | |
| ૫ | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬ | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદત, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭ | પત્રક ક્રમાંક : ૬ | ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮ | પત્રક ક્રમાંક : ૭ | તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯ | પત્રક ક્રમાંક : ૮ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલા અને મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૦ | પત્રક ક્રમાંક : ૯ | દાખલ કરવાનાં સરકારી વિધેયકો | |
| ૧૧ | પત્રક ક્રમાંક: ૧૦ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૨ | પત્રક ક્રમાંક : ૧૧ | રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો | |
| ૧૩ | પત્રક ક્રમાંક : ૧૨ | સન ૨૦૨૩-૨૪ના વર્ષના અનુદાનો માટે ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૪ | પત્રક ક્રમાંક : ૧૩ | સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના ખર્ચના પૂરક પત્રક માટે ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૫ | પત્રક ક્રમાંક : ૧૪ | ધ્યાન દોરતી સૂચનાઓ ડનિયમ-૧૧૬f | |
| ૧૬ | પત્રક ક્રમાંક : ૧૫ | જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો ડનિયમ-૪૪) | |
| ૧૭ | પત્રક ક્રમાંક : ૧૬ | દાખલ કરવામાં આવેલાં બિન સરકારી વિધેયકો | |
| ૧૮ | પત્રક ક્રમાંક : ૧૭ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં (નિકાલ થયેલાં) બિન સરકારી વિધેયકો | |
| ૧૯ | પત્રક ક્રમાંક : ૧૮ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| ૨૦ | પત્રક ક્રમાંક : ૧૯ | બિન- સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭) | |
| ૨૧ | પત્રક ક્રમાંક : ૨૦ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૨૨ | પત્રક ક્રમાંક : ૨૧ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૨૩ | પત્રક ક્રમાંક : ૨૨ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૨૪ | પત્રક ક્રમાંક : ૨૩ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૨૫ | પત્રક ક્રમાંક : ૨૪ | શોકદર્શક ઉલ્લેખ | |

## પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રારંભિક:-**

પંદરમી ગુજરાત વિધાનસભાનું બીજું સત્ર ગુરૂવાર, તા. ૨૩/૨/૨૦૨૩ના રોજ મળ્યુ હતુ અને તા.૨૯/૦૩/૨૦૨૩નારોજ વિધાનસભાના નિયમોના નિયમ ૯(૧) હેઠળ અચોક્કસ મુદત માટે મુલતવી રહ્યું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૫(પચીસ) દિવસ માટે મળી હતી અને તેમાં કુલ-૨૭ (સત્યાવીસ) બેઠકો થઇ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૧૧૪ કલાક અને ૫૨ મિનિટ કામ કર્યું હતું. જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૪ કલાક અને ૨૫ મિનિટ થાય છે.

૧. સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, સરકારી પ્રસ્તાવો તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **(પત્રક ક્રમાંક:-૧)**માં આપવામાં આવ્યા છે.

**૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય:-**

ગૃહની બેઠકોની તારીખ અને સમય **(પત્રક ક્રમાંક:-૨)**માં આપવામાં આવેલ છે.

૩. હાજરી:-

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્ર દરમિયાન સભાગૃહની કુલ ૨૭ (સત્યાવીસ) બેઠકો મળી હતી. જેમાં સભ્યશ્રીઓની વધારેમાં વધારે હાજરી ૧૪૮ અને ઓછામાં ઓછી હાજરી ૧૦૭ રહી હતી જ્યારે સરેરાશ હાજરી ૧૩૫ રહી હતી. સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ આપેલી વ્યકિતગત હાજરી તેની માહિતી **(પત્રક ક્રમાંક:-૩)**માં અને તારીખવાર હાજરી અંગેની માહિતી **(પત્રક ક્રમાંક:-૪)**માં આપવામાં આવી છે.

**૪. રાજ્યપાલશ્રીનું સંબોધન:-**

માનનીય રાજયપાલશ્રીએ ગુરુવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ બપોરના ૧૨-૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દીમાં સંબોધન કર્યું હતું. તે દિવસે સભ્યશ્રી મહેશ કસવાલાએ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને સભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ સમર્થન આપ્યું હતું. આભાર પ્રસ્તાવ પર સુધારાની કુલ ૧૭ સભ્યોની ૨૦ સૂચનાઓ મળી હતી. તે પૈકી ૧૫ સુધારાની સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૧૫ સુધારાઓ સભાગૃહમાં રજૂ થયા હતા. ચર્ચાને અંતે રજૂ થયેલ સુધારાઓનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

**૫. ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નો:-**

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે તા.૨૪/૦૨/૨૦૨૩ થી તા.૨૯/૦૩/૨૦૨૩ એમ ૨૪ દિવસ માટેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો. અને કુલ-૨૪ તારાંકિત પ્રશ્નોત્તરી ગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની ૦૧ સૂચના મળેલ હતી. તારાંકિત પ્રશ્નોની કુલ-૩૫૩૩ સૂચના મળેલ હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો **(પત્રક ક્રમાંક:-૫, ૬ અને ૭)**માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી,

તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઇ તેની માહિતી **(પત્રક ક્રમાંક:-૮)** માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ -૨૪૭૫ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને ૨૬ તારાંકિત પ્રશ્નોને મંત્રીશ્રીની વિનંતીથી અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી ૩૧ પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ-૨૪ યાદી સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદીઓમાંથી કુલ-૨૩૧ પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઇ હતી.

સત્ર દરમિયાન નિયમ-૯૨ અન્વયે અરધા કલાકની ત્રણ સૂચના મળેલ હતી તેમાંથી એકપણ સૂચના દાખલ કરવામાં આવેલ ન હતી.

## ૬. સરકારી વિધેયકો:-

### ૧. <u>દાખલ કરવામાં આવેલાં સરકારી વિધેયકો</u>

સત્ર દરમિયાન કુલ ૦૭ સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં.
**(પત્રક ક્રમાંક:-૯)**

### ૨. <u>પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો</u>

સત્ર દરમિયાન કુલ ૦૭ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંક:-૧૦)**

### ૩. વિધેયકોનું વર્ગીકરણ:-

| | | |
|---|---|---|
| (૧) | ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો | ૦૨ |
| (૨) | નવા વિધેયકો | ૦૨ |
| (૩) | અન્ય વિધેયકો | ૦૩ |

### ૪. વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ:-

| | | |
|---|---|---|
| (૧) | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | ૦૩ |
| (૨) | જાહેર સેવાને લગતા વિધેયકો | ૦૨ |
| (૩) | શિક્ષણને લગતા વિધેયકો | ૦૨ |
| (૪) | અન્ય વિધેયકો | ૦૦ |

## ૭. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં રાષ્ટ્રપતિશ્રી/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં વિધેયકો:-

પંદરમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૬ તથા પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૩નાં વિધેયક ક્રમાંક-૧, ૨, ૩ અને ૧૪ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં.**(પત્રક ક્રમાંક:-૧૧)**

## ૮. નાણાકીય કામકાજ:-

**(૧) અંદાજપત્ર**

**(ક) રજૂઆત :**

સન ૨૦૨૩-૨૪ના વર્ષ માટેનું કુલ રૂ. ૩૦૪૧૦,૨૧,૬૧,૦૦,૦૦૦/-નું અંદાજપત્ર શુક્રવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. જેમાં મતપાત્ર

રકમ રૂ. ૨૪૪૫૭,૦૯,૬૧,૩૦,૦૦૦/- અને બિન મતપાત્ર રકમ રૂ. ૫,૫૩,૧૧,૯૯,૭૦,૦૦૦/- હતી.

**(ખ) સામાન્ય ચર્ચા :**

અંદાજપત્ર ઉપર તા.૬, ૭ અને ૧૦મી માર્ચ, ૨૦૨૩ના રોજ એમ કુલ ત્રણ દિવસો દરમિયાન મળેલ ચાર બેઠકોમાં સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

**(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

અનુદાન માટેની માગણીઓ પર તા. ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૩, ૨૪, અને ૨૭મી માર્ચ, ૨૦૨૩ દરમિયાન સભાગૃહની ૧૨ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યુ હતું. કુલ ૧૦૮ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. જે પૈકી ૨(બે) માગણીઓ બિન મતપાત્ર હતી. ૫૩ (ત્રેપન) માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી.**(પત્રક ક્રમાંકઃ- ૧૨)** ચર્ચા માટે રજૂ થયેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જ્યારે બાકીની ૫૩ (ત્રેપન) માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ઘ) કાપદરખાસ્તો :**

અંદાજપત્રની માગણીઓ પર કુલ ૩૬૧ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, જે સર્વે કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલ ૩૬૧ કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૩૪૮ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, તે પૈકી ૨૨૯ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત વિનિયોગ વિધેયક બુધવાર, તા.૨૮/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૮(૫)ની જોગવાઇ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દા આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુથી દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યુ હતું. તદ્દનુસાર કુલ ૧૪ સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા હતા. જે મંજૂર રાખવામાં આવ્યા હતા પરંતુ તા.૨૭/૦૩/૨૦૨૩ના રોજ મુદ્દા આપનાર સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરેલ હોઇ મુદ્દાઓ પરની ચર્ચા હાથ ધરવામાં આવી ન હતી. તા.૨૮/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહે વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતું.

**(૨) ખર્ચનું પૂરક પત્રક :**

**(ક) રજૂઆત :**

સન ૨૦૨૨-૨૩ના વર્ષ માટેનું રૂ.૩,૦૭,૯૩,૨૮,૭૩,૦૦૦/-ના ખર્ચનું પૂરક પત્રક શુક્રવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યુ હતું. જેમાં મતપાત્ર રકમ રૂ.૩,૦૨,૯૮,૪૯,૯૦,૦૦૦ /- અને બિન મતપાત્ર રકમ રૂ. ૪,૯૪,૭૮,૮૩,૦૦૦/- હતી.

**(ખ) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :**

સન ૨૦૨૨-૨૩ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ ૬૨ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. જે પૈકી ૫(પાંચ) માગણીઓ બિન મતપાત્ર હતી. ૧૦ માગણીઓ ચર્ચા માટે

પસંદ કરવામાં આવી હતી. **(પત્રક ક્રમાંકઃ-૧૩)**પસંદ થયેલી આ માગણીઓ પર શુક્રવાર, તા.03/03/૨૦૨૩ તથા શનિવાર, તા.0૪/03/૨૦૨૩ના રોજ બે બેઠકોમાં ચર્ચા કરવામાં આવી હતી અને માગણીઓ પસાર કરવામાં આવી હતી, જયારે બાકી રહેલી ૪૭ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

**(ગ) કાપદરખાસ્તો :**

પૂરક માગણીઓ પર જુદા જુદા વિષય અંગેની કુલ ૧૭ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. જે સર્વે દાખલ કરવામાં આવી હતી. આ પૈકી ૧૩ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

**(ઘ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :**

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, શુક્રવાર, તા.૧૦/03/૨૦૨૩(પહેલી બેઠક)ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઇ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુથી દરેક સભ્યશ્રી ચર્ચા માટે એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું. તદ્દનુસાર કુલ ૭ સભ્યશ્રીઓએ મુદ્દા આપ્યા હતા, જે પૈકી એક મુદ્દો નામંજૂર રાખવામાં આવ્યો હતો. આ મુદ્દાઓ પર ચર્ચા થયા બાદ સભાગૃહે તા.૧૦/03/૨૦૨૩(પહેલી બેઠક)ના રોજ ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પસાર કર્યું હતું.

**(૩) વધારાના ખર્ચનું પત્રક**

**(ક) રજૂઆતઃ**

સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો શુક્રવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં નીચે જણાવેલ રકમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

| ક્રમ | વર્ષ | મતપાત્ર રકમ | બિન મતપાત્ર રકમ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૭-૦૮ | ૧૦,૫૫,૨૩,૩૭,૦૦૦ | ૧૪,૮૯,૦૦૦ | ૧૦,૫૫,૩૮,૨૬,૦૦૦ |
| ૨ | ૨૦૦૮-૦૯ | ૩,૪૭,૦૩,૭૪,૦૦૦ | ૧,૬૨,૦૦૦ | ૩,૪૭,૦૫,૩૬,૦૦૦ |
| ૩ | ૨૦૧૩-૧૪ | ૯,૨૧,૬૮,૭૧,૦૦૦ | ૧,૦૪,૬૬,૦૫,૦૦૦ | ૧૦,૨૬,૩૪,૭૬,૦૦૦ |

**(ખ) વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાનઃ**

શનિવાર, તા.૧૧/03/૨૦૨૩ ના રોજ સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેના ખર્ચના પત્રકોમાંની માગણીઓ પ્રણાલી અનુસાર કોઇપણ પ્રકારની ચર્ચા વિના સીધી મત ઉપર મૂકી ને સભાગૃહ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ મંગળવાર, તા.૨૮/03/૨૦૨૩ના રોજ સન ૨૦૦૭-૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૧૩-૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ માટે ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યું હતું અને પસાર કરવામાં આવ્યું હતું.

**૯. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) :-**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરતી કુલ- ૧૪૪ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામનું બેલટ શુક્રવાર તા.૨૪/03/૨૦૨૩ના રોજ યોજવામાં આવ્યુ હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ **સભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટીયાએ" જળ સંચય અભિયાન" અંગે**ના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉક્ત પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૨૯\/03/૨૦૨૩ના રોજ સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

**૧૦. ધ્યાન દોરતી સૂચના (નિયમ-૧૧૬) :-**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ-૮૭ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૨૨(એકત્રિત કરતા-૦૬) સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી **(પત્રક ક્રમાંક:-૧૪)** નિયમ-૧૧૬ અન્વયેની ૬૫ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. એકત્રિત કરીને દાખલ કરેલ કુલ-૬ સૂચના પર સબંધિત મંત્રીશ્રીઓ દ્વારા નિવેદનો ગૃહમાં રજૂ થયા હતા.

**૧૧. નિયમ- ૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદન:-**

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર જુદા જુદા વિષયને લગતાં ચાર નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં **(પત્રક ક્રમાંક:-૧૫)**

**૧૨. બિન-સરકારી વિધેયકો:-**

**૧. દાખલ કરવામાં આવેલાં બિન-સરકારી વિધેયકો**

સત્ર દરમિયાન ૧૦ બિન-સરકારી વિધેયકોને દાખલ કરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંક:-૧૬)**

**૨. દાખલ કરવામાં આવેલા બિન-સરકારી વિધેયકોનું વર્ગીકરણ**

| | | |
|---|---|---|
| (૧) | ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો | ૦૦ |
| (૨) | નવાં વિધેયકો | ૧૦ |

**3. બિન-સરકારી વિધેયકોનું વિષયવાર વર્ગીકરણ**

| | | |
|---|---|---|
| (૧) | જાહેર સેવાને લગતા વિધેયકો | ૦૭ |
| (૨) | અન્ય વિધેયકો | 03 |

**૪. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રની સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ તા.03/03/૨૦૨૩, તા.૧૦/03/૨૦૨૩, તા.૧૭/03/૨૦૨૩, તા.૨૩/03/૨૦૨૩ અને તા.૨૮/03/૨૦૨૩ એમ કુલ ૫(પાંચ) દિવસો બિન-સરકારી કામકાજ માટે ફાળવવામાં આવ્યા હતા. જેમાં તા.03/03/૨૦૨૩ના રોજ કુલ ૧૦ બિન-સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યાં હતાં. દાખલ કરવામાં આવેલાં કુલ ૧૦ બિન-સરકારી વિધેયકો પૈકી તા.૧૭/03/૨૦૨૩ના રોજ ચાર વિધેયકો પર ચર્ચા હાથ ધરવા, દિવસના

કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યાં હતાં, તે પૈકી બે વિધેયકો સભ્યશ્રીઓએ ચર્ચાના અંતે સભાગૃહની અનુમતિથી પાછાં ખેંચી લીધાં હતાં અને બે પ્રભારી સભ્યશ્રીઓ ગેરહાજર હોવાના કારણે તે વિધેયકો ઉપર ચર્ચા હાથ ધરી શકાઇ ન હતી. તા.૨૮/03/૨૦૨૩ના રોજ ચાર વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યાં હતાં, તે પૈકી ત્રણ વિધેયકો સભ્યશ્રીઓએ ચર્ચાના અંતે સભાગૃહની અનુમતિથી પાછાં ખેંચી લીધાં હતાં. આમ, સત્ર દરમિયાન કુલ-૦૫ બિન-સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવામાં આવ્યાં હતાં. **(પત્રક ક્રમાંક:-૧૭)** સત્રાંતે બીજા સત્રમાં દાખલ કરવામાં આવેલાં વિધેયકો પૈકી કુલ-૦૫ બિન-સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાનાં બાકી રહ્યાં હતાં. **(પત્રક ક્રમાંક:-૧૮)**

**૧૩. બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭):-**

બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૧૦/03/૨૦૨૩(બીજી બેઠક) અને તા.૨૩/03/૨૦૨૩ એમ બે \દિવસ ફાળવવામાં આવ્યા હતા.

તા.૧૦/03/૨૦૨૩(બીજી બેઠક)ના પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરતી કુલ-૧૩૪ સૂચનાઓ મળી હતી. જે પૈકી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણ સભ્યશ્રીઓએ સંકલ્પની એક-એક સૂચના આપી હતી4 જે ત્રણેય સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. બીજા ક્રમ પરના સંકલ્પના પ્રભારી સભ્યશ્રીને સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરેલ હોવાથી સંકલ્પ રજૂ થઇ શકયો નહીં હોઇ પ્રથમ અને ત્રીજા ક્રમ પરના સંકલ્પો ઉપર સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી ચર્ચાને અંતે સભાગૃહ દ્વારા બન્ને સંકલ્પોનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

તા.૨૩/03/૨૦૨૩ના રોજ બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરતી કુલ- ૧૩૫ સૂચનાઓ મળી હતી4 તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક-એક સૂચનાઓ આપી હતી4 જે ત્રણેય સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. પ્રથમ અને બીજા ક્રમ પરના સંકલ્પો ઉપર સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી ચર્ચાને અંતે સભાગૃહ દ્વારા બન્ને સંકલ્પોનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો. **(પત્રક ક્રમાંક:-૧૯)**

**૧૪. પોઇન્ટ ઓફ ઓર્ડર:-**

સત્ર દરમિયાન ૮ (આઠ)પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવેલ હતા.

**૧૫. યાદગાર બનાવો:-**

**સભ્યોને સસ્પેન્ડ કરવા બાબત**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્ર દરમ્યાન તા. ૧૦/03/૨૦૨૩ના રોજ આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશ મકવાણાને અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચામાં ભાગ લેવાની મંજૂરી આપી તે વખતે કોંગ્રેસના સભ્યશ્રી કાંતિભાઈ ખરાડીએ નિયમ - ૧૧૬ની નોટિસની ચર્ચા અંગેનો મુદ્દો ઉઠાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ - ૧૧૬ની નોટિસ દાખલ કર્યા બાદ જ તેના પર ચર્ચા કરી શકાય તેમ જણાવ્યું અને કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલ સભ્યશ્રીઓને સભાગૃહની કાર્યવાહીમાં અવરોધ પેદા ન કરવા વારંવાર વિનંતી કરી સભ્યશ્રીઓને તેમનું સ્થાન લેવા જણાવ્યું. પરંતુ કોંગ્રેસ પાર્ટીના સભ્યશ્રીઓએ પોતાની જગ્યા ઉપર ઉભા થઈને પ્લે-કાર્ડ દર્શાવવાનું અને સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને નિયમ - ૫૨ નીચે નેઈમ કર્યા.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે નિયમ-૫૨ હેઠળ નેઈમ કરાયેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત

કરતાં રાજ્ય કક્ષાના સંસદીય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ તેને સમર્થન આપ્યું. પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને તા.૧૦/૩/૨૦૨૩ની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

**૧૬. સભાગૃહમાં અવમાનના કિસ્સા**

**(૧) સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબત**

સભાગૃહમાં તા.૦૧/૦૩/૨૦૨૩ના રોજ પ્રશ્નોત્તરી કાળ પૂર્ણ થયા બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ ના નેતા શ્રી અમીત ચાવડાએ નિયમ-૧૧૬ની નોટીસ બાબતે ગૃહમંત્રીના નિવેદન અંગે રજૂઆત કરી હતી. જે સંદર્ભે માન. અધ્યક્ષશ્રીએ નિયમ-૧૧૬ની નોટીસ અંગેની ચર્ચા માટે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવે છે આ તબકકે નિયમ-૧૧૬ની સૂચનાની બાબતે કોઇ ચર્ચા કરી શકાય નહિ તેમ જણાવ્યું હતું. તેમ છતાં શ્રી ચાવડા પોતાની વાત ઉપર અડગ રહી નિયમ-૧૧૬ની નોટીસ પર ચર્ચા કરવા તાત્કાલિક સમય ફાળવવા વિનંતી કરી હતી. આ બાબતે માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ તથા માન.રાજયકક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સ્પષ્ટતા કરી હોવા છતાં ભા.રા.કો તથા આમ આદમી પક્ષના સભ્યો તરફથી તેમની બેઠક પર ઉભા થઇને સૂત્રોચ્ચાર તથા પ્લેકાર્ડ દર્શાવીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાનું ચાલુ રાખવામાં આવ્યું હતુ. આ તબક્કે માન.અધ્યક્ષશ્રીએ નિયમ-૧૧૬ હેઠળની સૂચના અંગેની ચર્ચા વિધાનસભાના નિયમો હેઠળ કરવામાં આવે છે તેમ જણાવી સૂત્રો લખેલા પ્લેકાર્ડ દ્વારા પ્રદર્શન અને દેખાવો નહિ કરવાની માન.અધ્યક્ષશ્રીએ વારંવાર સૂચનાઓ આપી હોવા છતાં પણ વિરોધપક્ષ દ્વારા સતત સૂત્રોચ્ચાર કરીને અને પ્લેકાર્ડ દર્શાવીને સભાત્યાગ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ પક્ષ અને આમ આદમી પક્ષના સભ્યોની આ પ્રકારની વર્તણૂંકને ધ્યાને લઇ માનનીય સંસદીય અને વૈધાનિક બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવા તથા માનનીય અધ્યક્ષશ્રીની સૂચનાઓનો અનાદર કરીને વોકઆઉટ કરનાર સભ્યોને સભાગૃહની તા.૦૧/૦૩/૨૦૨૩ના દિવસની કાર્યવાહીમાંથી નિયમ-૫૧ હેઠળ દૂર કરવાનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો હતો. જેને માન.મંત્રીશ્રી ડૉ.કુબેરભાઇ ડીંડોરે ટેકો આપતા માન. અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ ગૃહના મત માટે મુક્યો હતો. સભાગૃહે પ્રસ્તાવ પસાર કરતા ભા.રા.કો તથા આમ આદમી પક્ષના ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડનાર સભ્યશ્રીઓને તા.૦૧/૦૩/૨૦૨૩ના દિવસની કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા હતા.

**(૨) સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબત**

સભાગૃહમાં તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ બીજી બેઠક દરમિયાન અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા દરમિયાન આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણા જયારે પોતાનું વકતવ્ય આપી રહયા હતા ત્યારે ભા.રા.કો.ના સભ્યશ્રી કાંતિભાઇ ખરાડીએ પોતે ૧૧૬ની નોટીસ રજૂ કરી હોવાની રજૂઆત કરતાં માન.અધ્યક્ષશ્રીએ તેમની રજૂઆત ગ્રાહય ન રાખતાં, ભા.રા.કોના સભ્યશ્રીઓએ પોતાની જગ્યા ઉપર ઊભા થઇને સૂત્રોચ્ચાર કરીને પ્લેકાર્ડ દર્શાવવાનું શરૂ કર્યું હતું. માન.અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ કાર્યાલયની અંદર બેસીને તેમાંથી કેટલીક વસ્તુઓ ભેગી કરીને અત્રે પ્રદર્શિત કરવા લાવવામાં આવી છે આ રીતે ગૃહની કાર્યવાહી ખોરવવા માટે કાર્યાલયનો ઉપયોગ થાય તો તે બાબતમાં મારે પુનઃવિચારણા કરવી પડશે તેમ ટકોર કરીને દેખાવો કરી રહેલ કોંગ્રેસ પક્ષના સભ્યોને વારંવાર બેસી જવાની વિનંતી કરવા છતાં કોંગ્રેસ પક્ષના સભ્યોએ દેખાવો કરવાનું ચાલુ રાખતાં માન.અધ્યક્ષશ્રીએ

ગૃહમાં સતત સૂત્રોચ્ચાર અને દેખાવો કરી રહેલ કોંગ્રેસ પક્ષના સભ્યોને નેમ કર્યા હતા. ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નેમ કરેલ સભ્યોને સભાગૃહની તા.૧૦/૦૩/૨૦૨૩ના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ રજૂ કરતાં અને માન. મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયાએ આ પ્રસ્તાવને ટેકો આપતા, માન. અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ ગૃહના મત માટે મુક્યો હતો. સભાગૃહે આ પ્રસ્તાવ પસાર કરતા નેમ કરેલ ભા.રા.કોના સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ અન્વયે તા. ૧૦/૦૩/૨૦૨૩ના દિવસની સભાગૃહની બાકીના સમયની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

**(૩) સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવા બાબત**

સભાગૃહમાં તા.૨૭/૦૩/૨૦૨૩ના રોજની બેઠકમાં પ્રશ્નોત્તરી કાળ શરૂ થાય તે પહેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અમીત ચાવડા દ્વારા તા. ૨૪ માર્ચના રોજ પાર્લામેન્ટમાં થયેલ નિર્ણય બાબતે રજૂઆત કરતા માન. અધ્યક્ષશ્રીએ પ્રશ્નોત્તરી પછી રજૂઆત કરવાનું કહેવા છતાં સભ્યશ્રી અમીત ચાવડાએ રજૂઆત કરવાનું ચાલુ રાખતા માન. અધ્યક્ષશ્રીએ તેમને બેસી જવા વિનંતી કરી હતી. આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યો પોતાની જગ્યા ઉપર ઉભા થઇને પ્લેકાર્ડ દર્શાવીને દેખાવ કરી વેલમાં આવીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડતા, માનનીય અધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર રહી દેખાવ કરી રહેલ તમામ સભ્યોને નેઇમ કરી પોતાની જગ્યા ઉપર બેસી જવાની વારંવારની સૂચના આપવા છતાં કોંગ્રેસ પક્ષના સભ્યો દ્વારા સતત સુત્રોચ્ચાર તથા પ્લેકાર્ડ દ્વારા પ્રદર્શન અને દેખાવો ચાલુ રાખતા, માન. અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૧ હેઠળ નેઇમ કરેલ કોંગ્રેસ પક્ષના સભ્યોને તા.૨૭/૦૩/૨૦૨૩ના દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી દૂર કર્યા હતા. ત્યારબાદ પ્રશ્નોત્તરી કાળ પૂર્ણ થયા બાદ વિરોધ કરનાર સભ્યોની આ પ્રકારની વર્તણૂકને ધ્યાને લઇ માન. સંસદીય અને વૈધાનિક બાબતોના મંત્રીશ્રી ઋષિકેષભાઇ પટેલે વિરોધ કરનાર કોંગ્રેસ પક્ષના સભ્યોને ચાલુ સત્રની સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ મૂકતા, તથા તેને માન. મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તથા માન. મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતે સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ ગૃહના મત માટે મૂક્યો હતો જે પસાર થતા ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ અન્વયે ગૃહમાં હાજર રહી દેખાવો કરેલ કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

**૧૭. (૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ, ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ ઉપર તેમજ રાજ્યની જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ કે કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની અને અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયત રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી**

માનનીય અધ્યક્ષશ્રીએ શુક્રવાર, તા.૧૦/૦૩/૨૦૨૩(બીજી બેઠક)ના ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર બે, ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર,ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ત્રણ, ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ ઉપર ત્રણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતીગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટે અને અંદાજ સમિતિ,જાહેર હિસાબ સમિતિ, જાહેર

સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી. વધુમાં, માનનીય અધ્યક્ષશ્રીએ ગુરૂવાર, તા.૨૩/03/૨૦૨૩ના રોજ ઉક્ત દરેક જગ્યાઓ ઉપર ચૂંટણી માટેના સંયુક્ત ચૂંટણી માટેના સુધારેલ કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

**૧૮. સમિતિની બેઠકો:-**

| ક્રમ | સમિતિનું નામ | બેઠકોની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | ૨૨/૦૨/૨૦૨૩ |
| | | ૨૭/03/૨૦૨૩ |

**૧૯. સભાગૃહમાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલો:-**

| ક્રમ | સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | પ્રથમ | ૨૩/૦૨/૨૦૨૩ | ૨૩/૦૨/૨૦૨૩ |
| | | બીજો | ૨૮/03/૨૦૨૩ | ૨૮/03/૨૦૨૩ |

**૨૦. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય):-**

| અ. નં. | વિગત | મેજ ઉપર મૂકયા તારીખ |
|---|---|---|
| **૧.** | નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૫-૧૬ના વર્ષનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન | ૨૪/03/૨૦૨૩ |
| ૨. | ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (ગુજરાતી અને અંગ્રેજી) | ૨૯/03/૨૦૨૩ |
| 3. | ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના વિનિયોગ હિસાબો (ગુજરાતી અને અંગ્રેજી) | ૨૯/03/૨૦૨૩ |
| ૪. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડીટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી) | ૨૯/03/૨૦૨૩ |
| ૫ | ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો સમુદ્રતટીય પર્યાવરણના સંરક્ષણ અને વ્યવસ્થાપનની કામગીરી પરનો ઓડીટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી) | ૨૯/03/૨૦૨૩ |

**૨૧. વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો:-**

ભારતના બંધારણ તથા પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ/કોર્પોરેશનના કુલ ૬૪ અહેવાલો **(પત્રક ક્રમાંક:-૨૦)** તથા ૩૫ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી

**૨૨. વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિ:-**

પંદરમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા.૨૯/૦૩/૨૦૨૩ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| **અ.નં.** | **પક્ષનું નામ** | **સભ્ય સંખ્યા** |
|---|---|---|
| ૧. | ભારતીય જનતા પક્ષ | ૧૫૬ |
| ૨. | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૧૭ |
| ૩. | આમ આદમી પાર્ટી | ૦૫ |
| ૪. | સમાજવાદી પાર્ટી | ૦૧ |
| ૫. | અપક્ષ | ૦૩ |
| | કુલ | ૧૮૨ |

**૨૩. ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી:-**

સત્ર દરમિયાન ખરેખર કામકાજ થયા પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **(પત્રક ક્રમાંક:-૨૧)**માં આપવામાં આવી છે.

**૨૪. રોજેરોજના કામકાજનો સારાંશ:-**

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **(પત્રક ક્રમાક:-૨૨)**માં દર્શાવેલ છે.

**૨૫. વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો:-**

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **(પત્રક ક્રમાંક:-૨૩)**માં દર્શાવવામાં આવી છે.

**૨૬. શોકદર્શક ઉલ્લેખ:-**

સત્ર દરમિયાન કુલ ૬(છ) મહાનુભાવોના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા.**(પત્રક ક્રમાંક:-૨૪)**

**૨૭. સભાત્યાગ:-**

સત્ર દરમિયાન સભાત્યાગના કુલ ૨ (બે) કિસ્સા બનેલ છે.

**(૧) તા.૧લી માર્ચ, ૨૦૨૩**

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ પ્રશ્નોત્તરીનો સમયગાળો પૂરો થયા બાદ નિયમ-૧૧૬ની નોટિસની ચર્ચા કરવા સમય ફાળવવા અંગેનો મુદો ઉઠાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ-૧૧૬ની નોટિસ મળી છે અને તેને દાખલ કર્યા બાદ નક્કી કરેલ દિવસે તેના પર ચર્ચા થઇ શકે એ રીતની

નિયમોમાં જોગવાઇ હોવાનું જણાવ્યું. ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા સભ્યશ્રી રમણલાલ વોરાએ વિધાનસભાના નિયમો પ્રમાણે કાર્યવાહી કરવા અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા. ત્યારબાદ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમાર તથા અર્જુનભાઇ મોઢવાડિયાએ ઝીરો અવર્સ અને સભા મોકૂફી દ્વારા પણ ચર્ચા કરી શકાય તેવી રજૂઆત કરી.

આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યો અને આપના સભ્યો દ્વારા સભાગૃહમાં પ્લે-કાર્ડ બતાવી સતત સૂત્રોચ્ચાર કરવામાં આવતા, જેઓ દેખાવ કરી રહ્યા છે તેઓને પોતાના સ્થાન ઉપર બેસી જવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરી. આ તબક્કે પ્લે-કાર્ડ બતાવી રહેલા સભ્યશ્રીઓ પાસેથી પ્લે-કાર્ડ લઇ લેવા માટે સાર્જન્ટને માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ સરકાર પ્રો-એક્ટિવ થઇને ખૂબ સારી રીતે કાયદાકીય રીતે કામ કરી રહી હોઇ, વિધાનસભા ગૃહ વિધાનસભાના નિયમો પ્રમાણે ચલાવવાની રજૂઆત કરી.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આ વિષય બાબતે વિધાનસભાની બહાર તથા જયારે નિયમ-૧૧૬ની ચર્ચા સભાગૃહમાં હાથ ધરવામાં આવશે ત્યારે બધી જ માહિતી આપવાની તૈયારી દર્શાવી અને વિધાનસભા નિયમો અને પ્રણાલી મુજબ ચાલવા દેવાની વાત કરી.

સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ ગૃહમાં આ પ્રકારની ઘટના વારંવાર ન બને એ માટેનો આદેશ આપવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમો મુજબ જ નિયમ-૧૧૬ની નોટિસ દાખલ કર્યા બાદ જ તે અંગે ચર્ચા કરી શકાય અને આ બાબતે પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલ ચુકાદાઓને તેઓશ્રી વળગી રહે છે, જેનાથી નારાજ થઇ કોંગ્રેસ પક્ષના અને આમ આદમી પાર્ટીના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

(૨) તા.૨૪મી માર્ચ,૨૦૨૩

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ ઓ.બી.સી. કમિશનની મુદત તેમજ તે અંગેનો રિપોર્ટ સબમિટ ન થવા અંગે તેમજ એસ.સી., એસ.ટી. તેમજ ઓ.બી.સી. સમાજ માટે પૂરતું બજેટ ફાળવણીના અનુસંધાનમાં માનનીય મંત્રીશ્રી પાસે જવાબ માગતાં, માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ઝવેરી કમિશનની મુદત ૧૨મી માર્ચે પૂરી થયેલી છે અને ટૂંક સમયમાં આ બાબતને અમે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે મૂકવાના છીએ તેમ જણાવેલ, જે જવાબથી અસંતોષ વ્યક્ત કરીને કોંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

## ૨૮. વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકોઃ-

| ક્રમ | વિગત | પેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજયપાલ ગેલેરી | **૦૭** |
| ૨ | અધ્યક્ષ ગેલેરી | ૪૬૬ |
| ૩ | અતિથિ વિશેષ ગેલેરી | ૫૫૨૨ |
| ૪ | પ્રેક્ષક ગેલેરી | ૧૦૧૬૩ |
| ૫ | શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી આવેલ મુલાકાતીઓ | ૯૨૨૭ |
| | **કુલઃ** | **૨૫,૩૮૫** |

**પત્રક ક્રમાંક :-૧**

**(જુઓ ફકરા ક્રમાંક:-૧)**

**સત્ર દરમિયાન જુદા જુદા કામકાજે લીધેલા સમય અને ટકાવારી**

| ક્રમ | કામકાજનો વિષય | કલાક | મિનિટ | ટકાવારી% |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨૪ | ૦૦ | ૨૦.૯૦ |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૧૭ | ૪૧ | ૧૫.૩૯ |
| | (બ) બિન સરકારી વિધેયકો | ૦૩ | ૦૫ | ૦૨.૬૯ |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૪૬ | ૪૦ | ૪૦.૬૨ |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ)સભા - મોકૂફીના પ્રસ્તાવો | - | - | - |
| | (બ)મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવો | - | - | - |
| | (ક)બીજા પ્રસ્તાવો- સરકારી, બિન સરકારી તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦૩ | ૫૩ | ૦૩.૩૮ |
| ૫. | રાજ્યપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | ૦૯ | ૧૧ | ૦૮.૦૦ |
| ૬. | સંકલ્પો | | | |
| | (અ) સરકારી સંકલ્પો | - | - | - |
| | (બ) બિન સરકારી સંકલ્પો | ૦૪ | ૨૧ | ૦૩.૭૯ |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | - | - | - |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | - | - | - |
| ૯. | અન્ય બાબતો | ૦૬ | ૦૧ | ૦૫.૨૩ |
| કુલ | | ૧૧૪ | ૫૨ | ૧૦૦% |

## પત્રક ક્રમાંક :-૨
## (જુઓ ફકરા ક્રમાંક:-૨)
## સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| કામકાજના દિવસો :૨૫ | | | સભાગૃહની બેઠકો: ૨૭ | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ક્રમાંક | વાર | તારીખ | બેઠકનો સમયગાળો | | રિશેષ/મુલતવી (ક.મિ.) | | બેઠકનો ખરેખર સમય (ક.મિ.) |
| | | | બેઠક શરૂ થવાનો સમય (ક.મિ.) | બેઠક પૂરી થવાનો સમય (ક.મિ.) | | | |
| ૧. | ગુરુવાર | ૨૩/૦૨/૨૦૨૩ | ૦૧.૦૫ | ૦૯.૨૫ | ૦૨.30 થી03.00 | - | **૦૭.૫૦** |
| ૨. | શુક્રવાર | ૨૪/૦૨/૨૦૨૩ | ૧૦.00 | ૧૨.૩૮ | - | - | **૦૨.૩૮** |
| ૩. | સોમવાર | ૨૭/૦૨/૨૦૨૩ | ૧૨.00 | ૦૪.૫૮ | ૦૨.30 થી03.00 | - | **૦૪.૨૮** |
| ૪. | મંગળવાર | ૨૮/૦૨/૨૦૨૩ પ્રથમ બેઠક | ૧૦.00 | ૦૨.૪૩ | ૧૨.૦૫થી૧૨.૩૫ | - | **૦૪.૧૩** |
| ૫. | મંગળવાર | ૨૮/૦૨/૨૦૨૩ બીજી બેઠક | 03.૪૦ | ૦૮.૧૦ | ૦૫.૪૦ થી૦૬.૧૦ | - | **૦૪.00** |
| ૬. | બુધવાર | ૦૧/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૫.૦૭ | ૦૨.30થી03.00 | - | **૦૪.૩૭** |
| ૭. | ગુરુવાર | ૦૨/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૪.૫૪ | ૦૨.30થી03.00 | - | **૦૪.૨૪** |
| ૮. | શુક્રવાર | 03/03/૨૦૨૩ | ૧૨.00 | 03.૦૪ | ૦૨.૨૨થી૦૨.૫૦ | - | **૦૨.૩૬** |
| ૯. | શનિવાર | ૦૪/03/૨૦૨૩ | ૧૦.00 | ૦૧.૨૨ | ૧૨.00થી૧૨.30 | - | **૦૨.૫૨** |
| ૧૦. | સોમવાર | ૦૬/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૪.૪૩ | ૦૨.30થી03.00 | - | **૦૪.૧૩** |
| ૧૧. | મંગળવાર | ૦૭/03/૨૦૨૩ | ૦૯.00 | ૧૧.૫૬ | - | - | **૦૨.૫૬** |
| ૧૨. | શુક્રવાર | ૧૦/03/૨૦૨૩ પ્રથમ બેઠક | ૧૦.00 | ૦૨.૨૬ | ૧૨.00થી૧૨.30 | - | **03.૫૬** |
| ૧૩. | શુક્રવાર | બીજી બેઠક | 03.30 | ૦૮.૪૧ | ૦૫.૫૭ થી ૦૬.30 | - | **૦૪.૩૮** |
| ૧૪. | શનિવાર | ૧૧/03/૨૦૨૩ | ૧૦.00 | ૦૨.૪૨ | ૧૨.00થી૧૨.30 | - | **૦૪.૧૨** |
| ૧૫. | સોમવાર | ૧૩/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૫.૦૭ | ૦૨.30થી03.00 | - | **૦૪.૩૭** |
| ૧૬. | મંગળવાર | ૧૪/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૫.૨૨ | ૦૨.30થી 03.00 | - | **૦૪.૫૨** |
| ૧૭. | બુધવાર | ૧૫/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૫.૦૬ | ૦૨.30થી03.00 | - | **૦૪.૩૬** |
| ૧૮. | ગુરુવાર | ૧૬/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૫.૧૯ | ૦૨.30થી03.00 | - | **૦૪.૪૯** |
| ૧૯. | શુક્રવાર | ૧૭/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૪.૦૮ | ૦૨.૨૯ થી 03.00 | - | **03.૩૭** |
| ૨૦. | શનિવાર | ૧૮/03/૨૦૨૩ | ૦૮.30 | ૦૧.૧૨ | ૧૦.00 થી ૧૧.00 | - | **૦૪.૧૨** |
| ૨૧. | સોમવાર | ૨૦/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૫.૦૭ | ૦૨.30 થી03.00 | - | **૦૪.૩૭** |
| ૨૨. | મંગળવાર | ૨૧/03/૨૦૨૩ | ૦૯.00 | ૦૧.૪૫ | ૧૧.00 થી ૧૧.30 | - | **૦૪.૧૫** |
| ૨૩. | ગુરુવાર | ૨૩/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૫.૧૦ | ૦૨.૪૦થી 03.00 | - | **૦૪.૫૦** |
| ૨૪. | શુક્રવાર | ૨૪/03/૨૦૨૩ | ૦૯.00 | ૦૧.૫૮ | ૧૦.૫૯ થી૧૧.30 | - | **૦૪.૨૭** |
| ૨૫. | સોમવાર | ૨૭/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૪.૧૮ | ૦૨.30થી03.૧૫ | - | **03.33** |
| ૨૬. | મંગળવાર | ૨૮/03/૨૦૨૩ | ૧૨.00 | ૦૪.૫૮ | ૦૧.૩૨ થી03.૧૫ | - | **03.૧૫** |
| ૨૭. | બુધવાર | ૨૯/03/૨૦૨૩ | ૦૯-00 | ૦૪-૧૫ | ૧૧.૦૬થી૧૧.30<br>૧૨.૩૮ થી ૦૧.૫૦ | - | **૦૫.૩૯** |
| **કુલ** | | | | | | | **૧૧૪.૫૨** |

## પત્રક ક્રમાંક:-3

**(જુઓ ફકરા ક્રમાંક:-3)**

**સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલ હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, સરકારના મુખ્ય દંડકશ્રી તેમજ નાયબ મુખ્ય દંડકશ્રીઓ સિવાય)**

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેરહાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | જાડેજા શ્રી પ્રદ્યુમનસિંહ મહીપતસિંહ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૨ | દવે શ્રી અનિરૂધ્ધ ભાઇલાલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૩ | પટેલ શ્રી કેશુભાઇ શિવદાસ | ૧૮ | ૯ | ૨૭ | |
| ૪ | છાંગા શ્રી ત્રિકમ બિજલ | ૨૭ | ૦ | ૨૭ | |
| ૫ | મહેશ્વરી શ્રીમતી માલતી કિશોર | ૨૬ | ૧ | ૨૭ | |
| ૬ | જાડેજા શ્રી વિરેન્દ્રસિંહ બહાદુરસિંહ | ૨૦ | ૭ | ૨૭ | |
| ૭ | ઠાકોર ગેનીબેન નગાજી | ૨૪ | ૩ | ૨૭ | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૮ | ચૌધરી શ્રી શંકરભાઇ લગધીરભાઇ (માન. અધ્યક્ષશ્રી) | - | - | - | |
| ૯ | દેસાઇ શ્રી માવજીભાઇ મગનભાઇ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૧૦ | ખરાડી શ્રી કાન્તીભાઇ કાળાભાઇ | ૨૧ | ૬ | ૨૭ | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૧૧ | મેવાણી શ્રી જીગ્નેશ | ૧૬ | ૧૧ | ૨૭ | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૧૨ | ઠાકર શ્રી અનિકેત ગિરીશભાઇ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૩ | માળી શ્રી પ્રવિણકુમાર ગોરધનજી | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૪ | ચૌહાણ શ્રી કેશાજી શિવાજી | ૨૭ | ૦ | ૨૭ | |
| ૧૫ | ઠાકોર શ્રી અમૃતજી મોતીજી | ૨૨ | ૫ | ૨૭ | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે..** |
| ૧૬ | સોલંકી શ્રી લવીંગજી મુળજીજી | ૨૭ | ૦ | ૨૭ | |
| ૧૭ | ઠાકોર શ્રી દિનેશભાઇ આતાજી | ૨૧ | ૬ | ૨૭ | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે..** |
| ૧૮ | પટેલ શ્રી કિરીટકુમાર ચીમનલાલ | ૨૨ | ૫ | ૨૭ | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૧૯ | રાજપુત શ્રી બલવંતસિંહ ચંદનસિંહ (માન. મંત્રીશ્રી) | - | - | - | |
| ૨૦ | ચૌધરી શ્રી સરદારભાઇ શામળભાઇ | ૨૪ | ૩ | ૨૭ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧ | પટેલ શ્રી કિરીટકુમાર કેશવલાલ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૨૨ | પટેલ શ્રી ઋષિકેશ ગણેશભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | |
| ૨૩ | ઠાકોર શ્રી સુખાજી સોમાજી | **૨૭** | **૦** | **૨૭** | |
| ૨૪ | સોલંકી શ્રી કરશનભાઇ પુંજાભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૨૫ | પટેલ શ્રી મુકેશકુમાર ડી. | **૨૭** | **૦** | **૨૭** | |
| ૨૬ | ચાવડા ડૉ.સી.જે | **૨૨** | **૫** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૨૭ | ઝાલા શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૨૮ | વોરા શ્રી રમણલાલ ઇશ્વરલાલ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૨૯ | ચૌધરી ડૉ.તુષાર અમરસિંહ | **૨૨** | **૫** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| 30 | બરંડા શ્રી પી.સી. | **૨૫** | **૨** | **૨૭** | |
| ૩૧ | પરમાર શ્રી ભીખુસિંહજી ચતુરસિંહજી (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | |
| ૩૨ | ઝાલા શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ | **૨૬** | **૧** | **૨૭** | |
| 33 | પરમાર શ્રી ગજેન્દ્રસિંહ ઉદેસિંહ | **૧૩** | **૧૪** | **૨૭** | |
| ૩૪ | ચૌહાણ શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૩૫ | ઠાકોર શ્રી અલ્પેશ ખોડાજી | **૨૩** | **૪** | **૨૭** | |
| ૩૬ | પટેલ શ્રીમતી રીટાબેન કેતનકુમાર | **૨૭** | **૦** | **૨૭** | |
| ૩૭ | પટેલ શ્રી જયંતિભાઇ સોમાભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૩૮ | ઠાકોર શ્રી લક્ષ્મણજી પુંજાજી | **૨૭** | **૦** | **૨૭** | |
| ૩૯ | પટેલ શ્રી હાર્દિક ભરતભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૪૦ | પટેલ શ્રી કનુભાઇ કરમશીભાઇ | **૨૦** | **૭** | **૨૭** | |
| ૪૧ | પટેલ શ્રી ભુપેન્દ્રભાઇ રજનીકાન્ત (માન. મુખ્યમંત્રીશ્રી) | - | - | - | |
| ૪૨ | ઠાકર શ્રી અમિત | **૨૭** | **૦** | **૨૭** | |
| ૪૩ | જાદવ શ્રી બાબુસિંહ સારાભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૪૪ | શાહ શ્રી અમીત | **૨૩** | **૪** | **૨૭** | |
| ૪૫ | પટેલ શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૪૬ | વિશ્વકર્મા શ્રી જગદીશ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | |
| ૪૭ | કુકરાની શ્રીમતી પાયલ મનોજકુમાર | **૨૬** | **૧** | **૨૭** | |
| ૪૮ | રાદડિયા શ્રીમતી કંચનબેન વિનુભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૪૯ | કુશવાહ શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૫૦ | પટેલ ડૉ. હસમુખ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૫૧ | જૈન શ્રી કૌશિકભાઇ સુખલાલ | **૨૨** | **૫** | **૨૭** | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૨ | ખેડાવાલા શ્રી ઇમરાન | **૨૪** | **૩** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૫૩ | ભટ્ટ શ્રી અમુલ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૫૪ | પરમાર શ્રી શૈલેષ મનુભાઇ | **૨૩** | **૪** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૫૫ | પટેલ શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૫૬ | વાઘેલા શ્રીમતી દર્શના એમ. | **૨૬** | **૧** | **૨૭** | |
| ૫૭ | પટેલ શ્રી બાબુભાઇ જમનાદાસ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૫૮ | ડાભી શ્રી કિરીટસિંહ સરદારસંગ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૫૯ | ડાભી શ્રી કાળુભાઇ રૂપાભાઇ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૬૦ | પરમાર શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૬૧ | રાણા શ્રી કિરીટસિંહ જીતુભા | **૨૬** | **૧** | **૨૭** | |
| ૬૨ | મકવાણા શ્રી જગદીશભાઇ પ્રભુભાઇ (નાયબ મુખ્ય દંડકશ્રી) | - | - | - | |
| ૬૩ | ચૌહાણ શ્રી શામજીભાઇ ભીમજીભાઇ | **૨૨** | **૫** | **૨૭** | |
| ૬૪ | વરમોરા શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૬૫ | અમૃતિયા શ્રી કાંતીલાલ શીવલાલ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૬૬ | દેથરીયા શ્રી દુર્લભજીભાઇ હરખજીભાઇ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૬૭ | સોમાણી શ્રી જીતેન્દ્ર કાંતીલાલ | **૨૩** | **૪** | **૨૭** | |
| ૬૮ | કાનગડ શ્રી ઉદયભાઇ પ્રભાતભાઇ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૬૯ | શાહ ડૉ.દર્શીતા પારસભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૭૦ | ટીલાળા શ્રી રમેશભાઇ વીરજીભાઇ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૭૧ | બાબરીયા શ્રીમતી ભાનુબેન મનોહરભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | |
| ૭૨ | બાવળિયા શ્રી કુંવરજીભાઇ મોહનભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | |
| ૭૩ | જાડેજા શ્રીમતી ગીતાબા જયરાજસિંહ | **૧૩** | **૧૪** | **૨૭** | |
| ૭૪ | રાદડીયા શ્રી જયેશભાઇ વિઠ્ઠલભાઇ | **૧૫** | **૧૨** | **૨૭** | |
| ૭૫ | પાડલિયા ડૉ. મહેન્દ્રભાઇ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૭૬ | ચાવડા શ્રી મેઘજીભાઇ અમરાભાઇ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૭૭ | પટેલ શ્રી રાઘવજીભાઇ હંસરાજભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | |
| ૭૮ | જાડેજા  શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૭૯ | અકબરી શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૮૦ | આહિર શ્રી હેમંતભાઇ હરદાસભાઇ | **૨૨** | **૫** | **૨૭** | |
| ૮૧ | બેરા શ્રી મુળુભાઇ હરદાસભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮૨ | માણેક શ્રી પબુભા વિરમભા | **૭** | **૨૦** | **૨૭** | |
| ૮૩ | મોઢવાડીયા શ્રી અર્જુનભાઇ દેવાભાઇ | **૨૨** | **૫** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૮૪ | જાડેજા શ્રી કાંધલભાઇ સરમણભાઇ | **૫** | **૨૨** | **૨૭** | |
| ૮૫ | લાડાણી શ્રી અરવિંદભાઇ જીણાભાઇ | **૨૦** | **૭** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૮૬ | કોરડીયા શ્રી સંજય સુખાભાઈ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૮૭ | ભાયાણી શ્રી ભુપેન્દ્રભાઇ ગાંડુભાઇ | **૧૬** | **૧૧** | **૨૭** | |
| ૮૮ | માલમ શ્રી દેવાભાઇ પુંજાભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૮૯ | કરગટિયા શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૯૦ | ચુડાસમા શ્રી વિમલભાઇ કાનાભાઇ | **૨૧** | **૬** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૯૧ | બારડ શ્રી ભગાભાઇ ધાનાભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૯૨ | વાજા શ્રી પ્રદ્યુમન ગનુભાઇ | **૨૩** | **૪** | **૨૭** | |
| ૯૩ | રાઠોડ શ્રી કાળુભાઇ ચનાભાઇ | **૨૩** | **૪** | **૨૭** | |
| ૯૪ | કાકડીયા શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૯૫ | વેકરિયા શ્રી કૌશિક કાંતિભાઇ (નાયબ મુખ્ય દંડકશ્રી) | - | - | - | |
| ૯૬ | તળાવિયા શ્રી જનકભાઇ | **૨૨** | **૫** | **૨૭** | |
| ૯૭ | કસવાલા શ્રી મહેશ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૯૮ | સોલંકી શ્રી હિરાભાઇ ઓધવજીભાઇ | **૨૩** | **૪** | **૨૭** | |
| ૯૯ | ગોહિલ શ્રી શિવાભાઇ જેરામભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૧૦૦ | ચૌહાણ શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૦૧ | વાઘાણી શ્રી સુધીરભાઇ | **૧૫** | **૧૨** | **૨૭** | |
| ૧૦૨ | બારૈયા શ્રી ભીખાભાઇ રવજીભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૦૩ | સોલંકી શ્રી પરસોત્તમભાઇ ઓધવજીભાઇ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૦૪ | પંડ્યા શ્રીમતી સેજલબેન રાજીવકુમાર | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૦૫ | વાઘાણી શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૧૦૬ | ટુંડીયા મહંત શ્રી શંભુનાથ | **૨૦** | **૭** | **૨૭** | |
| ૧૦૭ | મકવાણા શ્રી ઉમેશભાઇ નારણભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૧૦૮ | પટેલ શ્રી ચિરાગકુમાર અરવિંદભાઇ | **૨૪** | **૩** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૧૦૯ | સોલંકી શ્રી રમણભાઇ ભીખાભાઇ (નાયબ મુખ્ય દંડકશ્રી) | - | - | - | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧૦ | ચાવડા શ્રી અમીત | **૧૯** | **૮** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૧૧૧ | પરમાર શ્રી ગોવિંદભાઇ રઇજીભાઇ | **૧૪** | **૧૩** | **૨૭** | |
| ૧૧૨ | પટેલ શ્રી યોગેશ આર. | **૨૩** | **૪** | **૨૭** | |
| ૧૧૩ | પટેલ શ્રી કમલેશભાઇ રમેશભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૧૧૪ | પટેલ શ્રી વિપુલકુમાર વિનુભાઇ | **૧૪** | **૧૩** | **૨૭** | |
| ૧૧૫ | પરમાર શ્રી કલ્પેશભાઇ આશાભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૧૬ | દેસાઇ શ્રી પંકજભાઇ વિનુભાઇ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૧૧૭ | ચૌહાણ શ્રી અર્જુનસિંહ ઉદેસિંહ | **૨૩** | **૪** | **૨૭** | |
| ૧૧૮ | મહીડા શ્રી સંજયસિંહ વિજયસિંહ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૧૧૯ | પરમાર શ્રી યોગેન્દ્રસિંહ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૧૨૦ | ઝાલા શ્રી રાજેશકુમાર મગનભાઇ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૧૨૧ | ચૌહાણ શ્રી માનસિંહ કોહ્યાભાઈ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૨૨ | ચૌહાણ શ્રી ગુલાબસિંહ સોમસિંહ | **૨૫** | **૨** | **૨૭** | **સસ્પેન્સનના કારણે ૨ દિવસની ગેરહાજરી ગણેલ છે.** |
| ૧૨૩ | ડીંડોર ડૉ.કુબેરભાઇ મનસુખભાઇ (માન. મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૨૪ | આહીર(ભરવાડ)શ્રી જેઠાભાઇ ઘેલાભાઈ (માન. ઉપાધ્યક્ષશ્રી) | - | - | - | |
| ૧૨૫ | સુથાર શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ | **૨૩** | **૪** | **૨૭** | |
| ૧૨૬ | રાઉલજી શ્રી સી.કે. | **૨૦** | **૭** | **૨૭** | |
| ૧૨૭ | ચૌહાણ શ્રી ફતેસિંહ વખતસિંહ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૧૨૮ | પરમાર શ્રી જયદ્રથસિંહજી | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૨૯ | કટારા શ્રી રમેશભાઇ ભુરાભાઈ | **૧૮** | **૯** | **૨૭** | |
| ૧૩૦ | ભુરીયા શ્રી મહેશભાઇ સોમજીભાઇ | **૧૮** | **૯** | **૨૭** | |
| ૧૩૧ | ભાભોર શ્રી શૈલેષભાઇ સુમનભાઇ | **૧૮** | **૯** | **૨૭** | |
| ૧૩૨ | કિશોરી શ્રી કનૈયાલાલ બચુભાઇ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૧૩૩ | ભાભોર શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ | **૧૮** | **૯** | **૨૭** | |
| ૧૩૪ | ખાબડ શ્રી બચુભાઇ મગનભાઇ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૩૫ | ઇનામદાર શ્રી કેતનભાઇ મહેન્દ્રભાઇ | **૧૬** | **૧૧** | **૨૭** | |
| ૧૩૬ | વાઘેલા શ્રી ધર્મેન્દ્રસિંહ રણુભા | **૨૦** | **૭** | **૨૭** | |
| ૧૩૭ | રાઠવા શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૩૮ | રાઠવા શ્રી જયંતિભાઇ સવજીભાઇ | **૨૧** | **૬** | **૨૭** | |
| ૧૩૯ | તડવી શ્રી અભેસિંહ મોતીભાઇ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૧૪૦ | મહેતા શ્રી શૈલેષભાઇ કનૈયાલાલ | **૧૬** | **૧૧** | **૨૭** | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪૧ | વકીલ શ્રીમતી  મનીષા રાજીવભાઇ | ૨૪ | ૩ | ૨૭ | |
| ૧૪૨ | રોકડિયા શ્રી કેયુર નારાયણદાસ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૪૩ | દેસાઇ શ્રી ચૈતન્ય મકરંદભાઇ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૪૪ | શુક્લ શ્રી બાળકૃષ્ણ ખંડેરાવ (મુખ્ય દંડકશ્રી) | - | - | - | |
| ૧૪૫ | પટેલ શ્રી યોગેશભાઇ નારનદાસ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૪૬ | ઝાલા શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૪૭ | પટેલ શ્રી અક્ષયકુમાર ઇશ્વરભાઇ | ૨૨ | ૫ | ૨૭ | |
| ૧૪૮ | દેશમુખ ડૉ.દર્શના ચંદુભાઇ (વસાવા) | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૪૯ | વસાવા શ્રી ચૈતરભાઇ દામજીભાઇ | ૧૬ | ૧૧ | ૨૭ | |
| ૧૫૦ | શ્રી ડી.કે. સ્વામી | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫૧ | રણા શ્રી અરૂણસિંહ અજીતસિંહ | ૧૯ | ૮ | ૨૭ | |
| ૧૫૨ | વસાવા શ્રી રીતેશકુમાર રમણભાઇ | ૯ | ૧૮ | ૨૭ | |
| ૧૫૩ | મિસ્ત્રી શ્રી રમેશભાઇ નારણદાસ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૫૪ | પટેલ શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૫૫ | પટેલ શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૫૬ | વસાવા શ્રી ગણપતસિંહ વેસ્તાભાઇ | ૧૭ | ૧૦ | ૨૭ | |
| ૧૫૭ | હળપતિ શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | ૨૭ | |
| ૧૫૮ | પાનશેરીયા શ્રી પ્રફુલ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૫૯ | રાણા શ્રી અરવિંદ શાંતિલાલ | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૬૦ | બલર શ્રી કાંતિભાઈ હિંમતભાઈ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૬૧ | કાનાણી શ્રી કિશોર (કુમાર) | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૬૨ | ઘોઘારી શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૬૩ | પાટીલ શ્રીમતી  સંગીતાબેન રાજેન્દ્ર | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૬૪ | પટેલ શ્રી મનુભાઇ એમ. | ૨૫ | ૨ | ૨૭ | |
| ૧૬૫ | સંઘવી શ્રી હર્ષ રમેશભાઈ (માન. રા.ક.મંત્રીશ્રી) | - | - | - | |
| ૧૬૬ | મોરડીયા શ્રી વિનોદભાઈ અમરશીભાઈ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૬૭ | મોદી શ્રી પુર્ણેશ | ૧૭ | ૧૦ | ૨૭ | |
| ૧૬૮ | દેસાઈ શ્રી સંદીપ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૬૯ | પરમાર શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ | ૯ | ૧૮ | ૨૭ | |
| ૧૭૦ | ઢોડિયા શ્રી મોહનભાઇ ધનજીભાઇ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૭૧ | કોંકણી શ્રી મોહનભાઈ ઢેડાભાઈ | ૨૬ | ૧ | ૨૭ | |
| ૧૭૨ | ગામીત ડૉ.જયરામભાઇ ચેમાભાઇ | ૨૩ | ૪ | ૨૭ | |
| ૧૭૩ | પટેલ શ્રી વિજયભાઈ રમેશભાઈ | - | - | - | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | (નાયબ મુખ્ય દંડકશ્રી) | | | | |
| ૧૭૪ | પટેલ શ્રી આર.સી. | **૬** | **૨૧** | **૨૭** | |
| ૧૭૫ | દેસાઇ શ્રી રાકેશ ગુણવંતભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૭૬ | પટેલ શ્રી નરેશભાઇ મગનભાઇ | **૨૫** | **૨** | **૨૭** | |
| ૧૭૭ | પટેલ શ્રી અનંતકુમાર હસમુખભાઇ | **૧૨** | **૧૫** | **૨૭** | |
| ૧૭૮ | પટેલ શ્રી અરવિંદભાઇ છોટુભાઇ | **૨૬** | **૧** | **૨૭** | |
| ૧૭૯ | પટેલ શ્રી ભરતભાઇ કીકુભાઇ | **૨૭** | **૦** | **૨૭** | |
| ૧૮૦ | દેસાઇ શ્રી કનુભાઇ મોહનલાલ (માન. મંત્રીશ્રી) | **-** | **-** | **-** | |
| ૧૮૧ | ચૌધરી શ્રી જીતુભાઈ હરજીભાઈ | **૨૪** | **૩** | **૨૭** | |
| ૧૮૨ | પાટકર શ્રી રમણલાલ નાનુભાઈ | **૨૫** | **૨** | **૨૭** | |
| **કુલ** | | **૩૬૩૦** | **૬૩૬** | **૪૨૬૬** | |

**પત્રક ક્રમાંક:-૪**

**(જુઓ ફકરા ક્રમાંક:-3)**

**સભ્યશ્રીઓની તારીખવાર હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી, મંત્રીશ્રીઓ, સરકારના મુખ્ય દંડકશ્રી તેમજ નાયબ મુખ્ય દંડકશ્રીઓ સિવાય)**

| ક્રમ | બેઠકની તારીખ | હાજરી | ગેરહાજરી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૨૩/૦૨/૨૦૨૩ | ૧૩૪ | ૨૪ | ૧૫૮ |
| ૨ | ૨૪/૦૨/૨૦૨૩ | ૧૪૪ | ૧૪ | ૧૫૮ |
| ૩ | ૨૭/૦૨/૨૦૨૩ | ૧૪૪ | ૧૪ | ૧૫૮ |
| ૪ | ૨૮/૦૨/૨૦૨૩ (પ્રથમ બેઠક) | ૧૪૮ | ૧૦ | ૧૫૮ |
| ૫ | ૨૮/૦૨/૨૦૨૩ (બીજી બેઠક) | ૧૪૩ | ૧૫ | ૧૫૮ |
| ૬ | ૦૧/૦૩/૨૦૨૩ | ૧૪૨ | ૧૬ | ૧૫૮ |
| ૭ | ૦૨/૦૩/૨૦૨૩ | ૧૪૨ | ૧૬ | ૧૫૮ |
| ૮ | ૦૩/૦૩/૨૦૨૩ | ૧૪૩ | ૧૫ | ૧૫૮ |
| ૯ | ૦૪/૦૩/૨૦૨૩ | ૧૨૨ | ૩૬ | ૧૫૮ |
| ૧૦ | ૦૬/૦૩/૨૦૨૩ | ૧૩૪ | ૨૪ | ૧૫૮ |
| ૧૧ | ૦૭/૦૩/૨૦૨૩ | ૧૨૧ | ૩૭ | ૧૫૮ |
| ૧૨ | ૧૦/૦૩/૨૦૨૩ (પ્રથમ બેઠક) | ૧૨૭ | ૩૧ | ૧૫૮ |
| ૧૩ | ૧૦/૦૩/૨૦૨૩ (બીજી બેઠક) | ૧૧૫ | ૪૩ | ૧૫૮ |
| ૧૪ | ૧૧/૦૩/૨૦૨૩ | ૧૧૫ | ૪૩ | ૧૫૮ |
| ૧૫ | ૧૩/૦૩/૨૦૨૩ | ૧૩૭ | ૨૧ | ૧૫૮ |
| ૧૬ | ૧૪/૦૩/૨૦૨૩ | ૧૪૭ | ૧૧ | ૧૫૮ |
| ૧૭ | ૧૫/૦૩/૨૦૨૩ | ૧૪૫ | ૧૩ | ૧૫૮ |
| ૧૮ | ૧૬/૦૩/૨૦૨૩ | ૧૪૨ | ૧૬ | ૧૫૮ |
| ૧૯ | ૧૭/૦૩/૨૦૨૩ | ૧૩૩ | ૨૫ | ૧૫૮ |
| ૨૦ | ૧૮/૦૩/૨૦૨૩ | ૧૦૭ | ૫૧ | ૧૫૮ |
| ૨૧ | ૨૦/૦૩/૨૦૨૩ | ૧૪૦ | ૧૮ | ૧૫૮ |
| ૨૨ | ૨૧/૦૩/૨૦૨૩ | ૧૩૯ | ૧૯ | ૧૫૮ |
| ૨૩ | ૨૩/૦૩/૨૦૨૩ | ૧૩૦ | ૨૮ | ૧૫૮ |
| ૨૪ | ૨૪/૦૩/૨૦૨૩ | ૧૩૪ | ૨૪ | ૧૫૮ |
| ૨૫ | ૨૭/૦૩/૨૦૨૩ | ૧૩૯ | ૧૯ | ૧૫૮ |
| ૨૬ | ૨૮/૦૩/૨૦૨૩ | ૧૩૯ | ૧૯ | ૧૫૮ |
| ૨૭ | ૨૯/૦૩/૨૦૨૩ | ૧૨૪ | ૩૪ | ૧૫૮ |
| કુલ | | ૩૬૩૦ | ૬૩૬ | ૪૨૬૬ |

## પત્રક ક્રમાંક -૫

## (જુઓ ફકરા ક્રમાંક:-૫)

## ટૂંકી મુદત, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની સૂચનાઓનો નિકાલ (આંકડામાં)

| શુક્રવાર,તા.૨૪મી | (૧) સન ૨૦૦૭-૨૦૦૮, સન ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકોની રજૂઆત<br>(૨) સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત<br>(૩) સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |
| શનિવાર, તા.૨૫મી | **રજા** |
| રવિવાર, તા.૨૬મી | **રજા** |
| સોમવાર, તા.૨૭મી | **સરકારી વિધેયક**<br>સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત (સુધારા) વિધેયક |
| મંગળવાર, તા.૨૮મી | **પહેલી બેઠક**<br>**સરકારી વિધેયક**<br>સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૩નું ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક |

| | |
|---|---|
| | **<u>બીજી બેઠક</u>**<br>રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ) |
| **માર્ચ-૨૦૨૩** | |
| બુધવાર,તા.૧લી | રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ) |
| ગુરુવાર, તા.૨જી | રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ) |
| શુક્રવાર, તા.૩જી | (૧) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)<br>(૨) બિન-સરકારી વિધેયકો |
| શનિવાર, તા.૪થી | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) |
| રવિવાર, તા.૫મી | **રજા** |
| સોમવાર, તા.૬ઠ્ઠી | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) |
| મંગળવાર,તા.૭મી | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ) |
| બુધવાર, તા.૮મી | **જાહેર રજા (હોળી બીજો દિવસ - ધૂળેટી)** |
| ગુરુવાર, તા.૯મી | **બેઠક નથી.** |
| શુક્રવાર, તા.૧૦મી | **<u>પહેલી બેઠક</u>**<br>(૧) પૂરક વિનિયોગ વિધેયક<br>(૨) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)<br>**<u>બીજી બેઠક</u>**<br>(૧) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)<br>(૨) બિન-સરકારી સંકલ્પો |
| શનિવાર, તા.૧૧મી | (૧) વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન<br>(૨) માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) |
| રવિવાર, તા.૧૨મી | **રજા** |

| | |
|---|---|
| સોમવાર, તા.૧૩મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) |
| મંગળવાર,તા.૧૪મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) |
| બુધવાર, તા.૧૫મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) |
| ગુરુવાર, તા.૧૬મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) |
| શુક્રવાર, તા.૧૭મી | (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)<br>(૨) બિન-સરકારી વિધેયકો |
| શનિવાર, તા.૧૮મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) |
| રવિવાર, તા.૧૯મી | **રજા** |
| સોમવાર, તા.૨૦મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) |
| મંગળવાર,તા.૨૧મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ) |
| બુધવાર, તા.૨૨મી | **જાહેર રજા (ચેટીચાંદ)** |
| ગુરુવાર, તા.૨૩મી | (૧) માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)<br>(૨) બિન-સરકારી સંકલ્પો |
| શુક્રવાર, તા.૨૪મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) |
| શનિવાર, તા.૨૫મી | **રજા** |
| રવિવાર, તા.૨૬મી | **રજા** |
| સોમવાર, તા.૨૭મી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ) |
| મંગળવાર, તા.૨૮મી | **(૧) સરકારી વિધેયકો**<br>(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ વિધેયક<br>(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ) વિધેયક<br>**(૨) બિન-સરકારી વિધેયકો** |

| | |
|---|---|
| બુધવાર, તા.૨૯મી | **(૧) સરકારી વિધેયક**<br>સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>**(૨) છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)** |

**પત્રક ક્રમાંક:-૨૨**

**(જુઓ ફકરા ક્રમાંક:-૨૪)**

**રોજેરોજના કામકાજનો સારાંશ**

**ગુરુવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૨૩**

નામદાર રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે બપોરના ૧૨.૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબોધન કર્યું.

(રાજયપાલશ્રીનું સંબોધન પૂરું થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ)

માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષપદે

બપોરના ૧-૦૫ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

**(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદે માતરમ્" રાષ્ટ્રગીતની ધૂન વગાડી કરવામાં આવી)**

૧. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલી રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ**

સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)**

સભ્યશ્રી મહેશ કસવાલાએ સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવમાં નિયમોના ભંગ અંગે**

રાજ્યપાલશ્રીના પ્રવચન અંગેના આભાર પ્રસ્તાવમાં સુધારા પ્રસ્તાવ આપવો જોઇએ અને ૩ દિવસની ચર્ચા આપવી જોઇએ તે અંગેના નિયમોનો ભંગ થવા અંગેનો કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

સભ્યશ્રી રમણભાઇ વોરાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાના વિરોધમાં તેમનું મંતવ્ય રજૂ કર્યુ. તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ અત્યારે જે પ્રક્રિયા ચાલે છે તે પરંપરા અને નિયમો પ્રમાણે છે અને આજની પ્રક્રિયામાં વિરોધ પક્ષના સભ્યોએ આપેલ સુધારાઓ લઇ લેવામાં આવશે તેમ જણાવી હવે પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવ્યું.

૪. **શોકદર્શક ઉલ્લેખો**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે ગુજરાતના પૂર્વ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલી, ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.શ્રી રમણભાઇ કંસારાભાઇ ચૌધરી તથા ગુજરાતના પૂર્વ સભ્ય સ્વ.શ્રી નારણભાઇ કાળીદાસ પટેલ, સ્વ.શ્રી દાઉદભાઇ મિયાભાઇ પટેલ, સ્વ.શ્રી મહિપતસિંહ ભાવુભા જાડેજા અને સ્વ.શ્રી હરેશકુમાર ઇન્દ્રપ્રસાદ ભટ્ટના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતા શ્રી અમિત ચાવડા, સભ્યશ્રીઓ શ્રી ફતેસિંહ ચૌહાણ, શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે શોકદર્શક ઉલ્લેખમાં પોતાનો સૂર પૂરાવી શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ પણ શોકદર્શક ઉલ્લેખમાં સૂર પૂરાવ્યો અને સ્વર્ગસ્થોને શ્રદ્ધાંજલિ આપી.

ત્યારબાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યું.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને સભાગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૫. **અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના પહેલા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવું સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૧૬ સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૬. **કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો પહેલો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

૭. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના પહેલા અહેવાલ સાથે સંમત થાય."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

૮. **સરકારી વિધેયક**

માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

૯. **અધ્યક્ષશ્રીનું સૂચન**

વિધેયકના સમર્થનમાં ગૃહ રાજ્ય મંત્રીશ્રી પોતાનું મંતવ્ય રજૂ કરી રહ્યા હતા તે દરમ્યાન માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાતના ભાવિ યુવાનો માટેના વિધેયકમાં સભ્યશ્રીઓને રાજકીય આક્ષેપો તથા પ્રતિ આક્ષેપો કર્યા સિવાય વિધેયકમાં સુધારાઓ સૂચવવા જણાવ્યું.

૧૦ **સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ વિધેયકના સમર્થનમાં પોતાનું અધુરૂં રહેલ મંતવ્ય પૂર્ણ કર્યુ.

ત્યારબાદ- છ માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૧૧. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી વિધેયક પર પ્રવચન કરી રહ્યા હતા તે દરમ્યાન માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લે મંત્રીશ્રીનો જવાબ અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ડૉ. સી.જે. ચાવડાએ તેને સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવવાની જાહેરાત કરી

૧૨. **સરકારી વિધેયક( ક્રમશઃ)**

શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ અધુરૂં રહેલ પ્રવચન પૂરૂં કર્યા બાદ વધુ-છ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો.

૧૩. **અધ્યક્ષશ્રીની સૂચના**

**પત્રકાર, મીડિયાના મિત્રોને રદ કરેલા શબ્દોને પ્રસિદ્ધિ નહિ આપવા બાબત**

વિધાનસભાના નિયમો પ્રમાણે રેકર્ડ ઉપરથી દૂર કરેલા, પરત ખેંચેલા શબ્દોનો પ્રિન્ટ મીડિયા અને સોશિયલ મીડિયામાં કોઇ જગ્યાએ ઉલ્લેખ ન કરવા માટે પત્રકાર મિત્રોને માનનીય અધ્યક્ષશ્રીએ વિનંતી કરી.

૧૪. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ કુલ-વીસ માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૧૫. **અધ્યક્ષશ્રીની સૂચના**

**મંત્રીશ્રીના જવાબ વખતે સભ્યશ્રીઓને હાજર રહેવા અંગે**

જે માનનીય સભ્યશ્રીઓએ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લીધો છે અને અહીંયા વિધેયક ઉપરના મંત્રીશ્રીના જવાબ વખતે ઉપસ્થિત નથી તે અંગેનો રેકર્ડ જોઇ તેમને હાજર રહેવા વિધિવત રીતે ટેલિફોનિક સૂચના આપવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ સચિવશ્રીને જણાવ્યું.

૧૬. **સરકારી વિધેયક( ક્રમશઃ)**

ત્યારબાદ વિધેયક પરની ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨, ૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨, ૩ વિધેયકનો ભાગ બની.

**કલમ ૪ ઉપરનો સુધારો**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે કલમ-૪ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ-૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ-૪ વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ, કલમ-૫ થી ૨૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૫ થી ૨૨ વિધેયકનો ભાગ બની.

અનુસૂચિ ઉપરનો સુધારો

માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ અનુસૂચિ ઉપરનો સુધારો રજૂ કરી તેના ઉપર તેઓનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ માનનીય ગૃહ રાજયમંત્રીશ્રીએ સુધારા અન્વયે પોતાનું વક્તવ્ય આપ્યું.

ત્યારબાદ માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ અનુસૂચિ ઉપરનો પોતાનો સુધારો સભાગૃહની અનુમતિથી પરત ખેંચી લીધો.

ત્યારબાદ અનુસૂચિ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

અનુસૂચિ વિધેયકનો ભાગ બની.

કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મુકવામાં આવી.

કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને સુધારેલ વિધેયક પસાર કરવામાં આવ્યું.

## શુક્રવાર તા. ૨૪મી ફેબ્રુઆરી,૨૦૨૩

**૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત રાજ્ય નાણાકીય નિગમના સન ૨૦૨૧-૨૨ ના વાર્ષિક અહેવાલ તથા હિસાબો પરના ઓડિટ અહેવાલ

(૫) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૨૧-૨૨ નો વાર્ષિક અહેવાલ

(૬) ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૮-૧૯ નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**૩. વધારાના ખર્ચના પત્રકની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૦૭-૨૦૦૮, ૨૦૦૮-૦૯ અને ૨૦૧૩-૨૦૧૪ ના વર્ષ માટેના વધારાના ખર્ચના પત્રકો રજૂ કર્યા.

**૪. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

**૫. અંદાજપત્રની રજૂઆત**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાચવાનું શરૂ કર્યું.

**૬. વિરામનો સમય રદ કરવા અંગે**

માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સન ૨૦૨૩-૨૦૨૪ના નાણાકીય વર્ષ માટેના અંદાજપત્ર અંગેનું અંદાજપત્ર પ્રવચન વાંચી રહ્યા હતા તે દરમિયાન માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલએ અંદાજપત્ર પ્રવચનનું વાચન ચાલુ રહે તે હેતુથી વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જેને વિપક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતા માનનીય અધ્યક્ષશ્રીએ તદ્અનુસાર સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કર્યો.

**૭. અંદાજપત્રની રજૂઆત (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩-૨૦૨૪ના નાણાકીય વર્ષ માટેનું તેમનું અધૂરું રહેલ અંદાજપત્ર પ્રવચન પૂરું કર્યું અને સન ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર ગૃહના મેજ પર મૂકયું.

## સોમવાર, તા.૨૭મી ફેબ્રુઆરી,૨૦૨૩

૧.પ્રશ્નોત્તરી

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. સરકારી વિધેયક**

શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૨- સન ૨૦૨૩નું ગુજરાત અનધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત(સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ કુલ-૫ માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

વિરામ બાદ સભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ અધુરું રહેલું પ્રવચન પૂર્ણ કર્યા બાદ વધુ -૧૦ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૩. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

માનનીય સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી વિધેયક પર પ્રવચન કરી રહ્યા હતા તે દરમ્યાન માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુક્લે મંત્રીશ્રીનો જવાબ અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી ડૉ. સી.જે. ચાવડાએ તેને સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવવાની જાહેરાત કરી.

૪. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ અધુરૂં રહેલ પ્રવચન પૂરૂં કર્યા બાદ કુલ-૧૯ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-ર, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-ર, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાંચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**<u>મંગળવાર તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૩</u>**

**<u>પહેલી બેઠક</u>**

૧. **સરકારી વિધેયક**

માનનીય શિક્ષણ મંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોરે સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૩નું ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ કુલ-૭ માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૨. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

આ તબક્કે શાસક પક્ષના દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે સભ્યશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, જેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ ટેકો આપતા, તદનુસાર માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી સભાગૃહનો સમય લંબાવ્યો

૩. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

માનનીય સભ્યશ્રી ધવલસિંહ ઝાલાએ પોતાનું અધુરૂં રહેલ પ્રવચન પૂરું કર્યું.

**(વિરામ બપોરના ૧૨-૦૫ થી ૧૨-૩૫)**

વિરામ બાદ વધુ ૧૧-સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો

૪. **સભાગૃહનો સમય લંબાવવા અંગે**

આ તબક્કે મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો વિધેયક પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, જેને કોંગ્રેસ પક્ષના સભ્ય ડૉ. સી.જે.ચાવડાએ ટેકો આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી સભાગૃહનો સમય લંબાવ્યો

૫. **સરકારી વિધેયક (ક્રમશઃ)**

ત્યારબાદ કુલ -૨૦ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

<u>કલમ ૨ ઉપરનો સુધારો</u>

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે કલમ-ર ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ-ર મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ-૨ વિધેયકનો ભાગ બની.

કલમ ૩ ઉપરનો સુધારો

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે કલમ-૩ ઉપરનો તેમનો સુધારો રજૂ કર્યો.

ત્યારબાદ સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ સુધારેલી કલમ-૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી કલમ-૩ વિધેયકનો ભાગ બની.

**કલમવાર વાચન**

કલમ-૪ થી ૧૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૪ થી ૧૩ વિધેયકનો ભાગ બની.

કલમ-૧, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૧, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

પ્રસ્તાવનામાં સુધારો

મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે પ્રસ્તાવના ઉપરનો સુધારો રજૂ કર્યો.

સુધારો મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

સુધારેલી પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

દીર્ઘસંજ્ઞા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

દીર્ઘસંજ્ઞા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

**બીજી બેઠક**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી મહેશ કસવાલાએ, સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી તા.૨૩મી, ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્ય ગેનીબેન ઠાકોર, શ્રી કાંતિભાઇ ખરાડી, શ્રી જિજ્ઞેશ મેવાણી, ડૉ. કિરીટકુમાર ચી. પટેલ, શ્રી ઇમરાન ખેડાવાલા, શ્રી શૈલેષ પરમાર, શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી અરવિંદભાઇ લાડાણી, શ્રી વિમલભાઇ ચુડાસમા, શ્રી ચિરાગકુમાર પટેલ, શ્રી અમિત ચાવડા, શ્રી ગુલાબસિંહ ચૌહાણ, શ્રી અનંતકુમાર પટેલે પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ અને તેના સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઇ અને માનનીય ગૃહ મંત્રી સહીત કુલ-૨૦ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**બુધવાર, તા. ૧લી માર્ચ, ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **નિયમ-૧૧૬ હેઠળની નોટિસ પર ચર્ચા કરવા સમય ફાળવવા બાબત**

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ પ્રશ્નોત્તરીનો સમયગાળો પૂરો થયા બાદ નિયમ-૧૧૬ની નોટિસની ચર્ચા કરવા સમય ફાળવવા અંગેનો મુદ્દો ઉઠાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ-૧૧૬ની નોટિસ મળી છે અને તેને દાખલ કર્યા બાદ નક્કી કરેલ દિવસે તેના પર ચર્ચા થઇ શકે એ રીતની નિયમોમાં જોગવાઇ હોવાનું જણાવ્યું.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ તથા સભ્યશ્રી રમણલાલ વોરાએ વિધાનસભાના નિયમો પ્રમાણે કાર્યવાહી કરવા અંગે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમાર તથા અર્જુનભાઇ મોઢવાડિયાએ ઝીરો અવર્સ અને સભા મોકૂફી દ્વારા પણ ચર્ચા કરી શકાય તેવી રજૂઆત કરી.

આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભ્યો અને આપના સભ્યો દ્વારા સભાગૃહમાં પ્લે-કાર્ડ બતાવી સતત સૂત્રોચ્ચાર કરવામાં આવતા, જેઓ દેખાવ કરી રહ્યા છે તેઓને પોતાના સ્થાન ઉપર બેસી જવા માટે માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરી. આ તબક્કે પ્લે-કાર્ડ બતાવી રહેલા સભ્યશ્રીઓ પાસેથી પ્લે-કાર્ડ લઇ લેવા માટે સાર્જન્ટને માનનીય અધ્યક્ષશ્રીએ આદેશ આપ્યો.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ સરકાર પ્રો-એક્ટિવ થઇને ખૂબ સારી રીતે કાયદાકીય રીતે કામ કરી રહી હોઇ, વિધાનસભા ગૃહ વિધાનસભાના નિયમો પ્રમાણે ચલાવવાની રજૂઆત કરી.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આ વિષય બાબતે વિધાનસભાની બહાર તથા જયારે નિયમ-૧૧૬ની ચર્ચા સભાગૃહમાં હાથ ધરવામાં આવશે ત્યારે બધી જ માહિતી આપવાની તૈયારી દર્શાવી અને વિધાનસભા નિયમો અને પ્રણાલી મુજબ ચાલવા દેવાની વાત કરી.

સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ ગૃહમાં આ પ્રકારની ઘટના વારંવાર ન બને એ માટેનો આદેશ આપવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમો મુજબ જ નિયમ-૧૧૬ની નોટિસ દાખલ કર્યા બાદ જ તે અંગે ચર્ચા કરી શકાય અને આ બાબતે પૂર્વ અધ્યક્ષશ્રીઓએ આપેલ ચુકાદાઓને તેઓશ્રી વળગી રહે છે, જેનાથી નારાજ થઇ કોંગ્રેસ પક્ષના અને આમ આદમી પાર્ટીના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૩. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રશ્નોત્તરી બાદ કોંગ્રેસ પક્ષ તથા આપના સભ્યશ્રીઓ દ્વારા સભાગૃહમાં સતત સૂત્રોચ્ચાર, દેખાવો અને પ્લે કાર્ડનું પ્રદર્શન કરી સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી હોવાથી તત્સમયે ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરે સમર્થન આપ્યું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ સસ્પેન્ડ કરાયેલા કોંગ્રેસ અને આપ પાર્ટીના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓને આજના દિવસની કાર્યવાહીમાંથી વિધાનસભાના નિયમોના નિયમ-૫૧ હેઠળ દૂર કરવા આદેશ કર્યો.

૪. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી મહેશ કસવાલાએ, સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી તા.૨૩મી, ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ શિક્ષણ મંત્રીશ્રી સહીત કુલ-૨૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**ગુરુવાર તા ૨જી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**સસ્પેન્શનના નિયમના અર્થઘટન અંગે**

તા.૧-૩-૨૦૨૩ના રોજ નિયમ-૧૧૬ની નોટિસ પર ચર્ચા આપવાની માગણીનો અસ્વીકાર થતા સભાત્યાગ કરી ગયેલ કોંગ્રેસ તથા આમ આદમી પાર્ટીના સભ્યોને ગૃહની કાર્યવાહીમાંથી ૧ દિવસ માટે સસ્પેન્ડ કરવાના નિર્ણયની સામે વાંધો લઇને કોંગ્રેસના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ વિધાનસભાના નિયમોના નિયમ-૫૨ સંદર્ભમાં ધ્યાન દોરીને પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું કે, ગઇ કાલે વિપક્ષના સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવાની ઘટનામાં કોઇને નેઇમ કર્યા વગર સીધો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હોવાનું જણાવ્યા ઉપરાંત નિયમ-૫૧ અને નિયમ-૫૨ની જોગવાઇઓ તરફ ધ્યાન દોરી સસ્પેન્શન રદ કરવા વિનંતી કરી. આ બાબતે સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ, રાજય કક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા, સભ્યશ્રી રમણલાલ વોરા તથા સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે પોતાના મંતવ્યો વ્યક્ત કર્યા.

નિયમ-૫૧ હેઠળની જોગવાઇઓની સ્પષ્ટતા કરતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે કોઇએ દરખાસ્ત મૂકેલી ન હોય તો પણ તેઓશ્રી નિયમ-૫૧ હેઠળ સીધો નિર્ણય કરી શકે છે. વધુમાં, નિયમ-૫૨માં ન હોય તેવા કિસ્સા એટલે કે ગૃહના અવમાનના કિસ્સામાં સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ થયા બાદ તેનો સ્વીકાર કરવામાં આવે ત્યારે પણ સભ્ય/સભ્યોને નામથી સંબોધન વગર પણ સસ્પેન્ડ કરી શકાય છે તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**(૧)** જી-રાઈડ બેડી પોર્ટ રેલ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**(૨)** બહુચરાજી રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**(૩)** ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને તેના ઉપરના ઓડિટરીમાર્કસ તેમજ તેને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૪). ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૮-૧૯નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**(૫)** ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૬-૧૭નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

૪. **રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી મહેશ કસવાલાએ, સભ્યશ્રી પ્રવિણકુમાર માળીના અનુમોદનથી તા. ૨૩મી, ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી સહીત કુલ-૨૫ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ સભ્યશ્રી મહેશભાઇ કસવાલાએ ચર્ચાનો જવાબ આપ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના સુધારા ક્રમાંક-૧ થી ૧૫ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**શુક્રવાર તા ૩જી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **ખર્ચના પૂરક પત્રકમાં ટાઇપિંગ ભૂલ અંગે**

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે ખર્ચના પૂરક પત્રકમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની પાના નં. ૩૩ ઉપર જે પૂરક માગણી બતાવી છે તે રૂપિયા ૨૬૮૫ કરોડ ૭૮ લાખ ૨૫ હજારની પૂરક માગણીના ગ્રાન્ડ ટોટલમાં ટાઇપ મિસ્ટેક હોવાનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતમાં માનનીય મંત્રીશ્રીને ટાઇપ મિસ્ટેક હોય તો સુધારો કરાવી લેવાનું અને જો ખરેખર ટાઇપ મિસ્ટેક હોય તો તે જોવાની સચિવોની જવાબદારી છે અને તે જોયા પછી જ ગૃહ સમક્ષ રજૂ કરે તેમ સચિવશ્રીને સૂચના આપવા જણાવ્યું. આ ઉપરાંત આ સાહિત્યની અંદર કોઇપણ પ્રકારની ક્ષતિ હોય તો તે પોઝિટિવ લઇને તેમાં સુધારો કરાવી લેવા અંગેનું તમામ સભ્યશ્રીઓને માર્ગદર્શન આપ્યું.

૩. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

પૂરક માગણીઓ રજૂ કરવાના તબક્કે માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨-૨૩ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી

ત્યારબાદ માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૨, શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને

મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૯, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૩, નાગરિક પૂરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૨૨ અને સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૩૩ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક-૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨ અને પૂરક માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩, પૂરક માગણી ક્રમાંક-૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૬, પૂરક માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૭ તથા પૂરક માગણી ક્રમાંક-૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબક્કે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ કુલ- ૧૧ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

**૪. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

**ગેલેરીમાં બેસતા અધિકારીઓની વર્તણૂક બાબત**

સભ્યશ્રી ભગાભાઇ બારડે સભાગૃહની ગેલેરીમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી અમુક અધિકારીઓ પગ ઉપર પગ ચડાવીને બેસતા હોવાનું માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોરતા, માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહનું અવમાન થાય તેવું કોઇ કામ ન કરવા અને સભાગૃહમાં થતી ચર્ચામાં ધ્યાન કેન્દ્રિત કરવાની ગેલેરીમાં બેસતા અધિકારીઓને સૂચના આપી.

**૫.પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ પૂરક માગણીઓ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૬, ૭, ૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૨, ૯, ૧૩, ૨૨ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. વિરામનો સમય ટૂંકાવવા અંગે**

કોંગ્રેસ પક્ષના દંડકશ્રી ડૉ.સી.જે. ચાવડાએ વિરામનો સમય ટૂંકાવવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરતા માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહના વિરામનો સમય ટૂંકાવ્યો.

**બિન-સરકારી વિધેયકો**

**દાખલ કરવાના બિન-સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૨) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ(રદ કરવા) બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૩) સભ્યશ્રી મહેશ કસવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબતનું વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૪) સભ્ય શ્રીમતી રીટાબેન પટેલે સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૫) સભ્યશ્રી પૂનમચંદ બરંડાએ સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૬) સભ્યશ્રી અમિત શાહે સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધીકરણ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૭) સભ્યશ્રી બાબુભાઇ પટેલે સન-૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૮) સભ્યશ્રી હર્ષદભાઇ પટેલે સન-૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૯) સભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

(૧૦) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ સન ૨૦૨૩નું ગુજરાત બેરોજગારોને બેરોજગારી ભથ્થું ચૂકવવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**શનિવાર તા ૪થી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રશ્નોત્તરી દરમિયાન પ્રશ્નો ટૂંકમાં પૂછવા અંગે.**

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાએ પ્રશ્નોત્તરી દરમિયાન વિધાનસભાના નિયમોના નિયમ ૭૮(૧૧) ની જોગવાઇ મુજબ જવાબની મર્યાદામાં આવરી શકાય તે માટે વિસ્તૃત હોય તેવા નીતિને લગતા પ્રશ્નો ઉપસ્થિત નહિ કરવા અને માનનીય મંત્રીશ્રીઓએ પણ ટૂંકમાં જવાબ આપવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીને રૂલિંગ આપવાનું જણાવતા, માનનીય અધ્યક્ષશ્રીએ અગાઉ જણાવ્યા મુજબ લાંબા અને પોલિટિકલ અવલોકનો સાથેના પ્રશ્નો ન પૂછવા અને પ્રજાના પ્રશ્નોનો ઉકેલ થઇ શકે તેવા જ પ્રશ્નો પૂછવા અને પૂછેલા પ્રશ્નોના ટુ ધ પોઇન્ટ જવાબ આપવા માનનીય મંત્રીશ્રીઓને જણાવ્યું.

૩. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ, તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૩૯, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક-૫૧, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માર્ગ અને મકાન વિભાગની પૂરક માગણી ક્રમાંક-૮૬, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની પૂરક માગણી ક્રમાંક-૯૫ તથા શહેરી વિકાસને લગતી સેવા અંગેની મહેસૂલી ખર્ચ માટેની શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગની પૂરક માગણી ક્રમાંક-૧૦૨ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક-૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩, પૂરક માગણી ક્રમાંક-૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૪, પૂરક માગણી ક્રમાંક-૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૫ અને ૬, પૂરક માગણી ક્રમાંક-૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૭ તથા પૂરક માગણી ક્રમાંક-૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૮ અને ૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી, ગિલોટીન માટેનો સમય બપોરના ૧-૩૦ વાગ્યાનો ઠરાવ્યો.

૪. **અધ્યક્ષશ્રીની સૂચના**

**માગણીઓની ચર્ચા દરમ્યાન અધિકારીશ્રીઓએ હાજર રહેવા બાબત**

માનનીય અધ્યક્ષશ્રીએ જે તે વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન જે તે વિભાગના સિનિયર સચિવશ્રીઓએ જ હાજર રહીને, ધારાસભ્યશ્રીઓની રજૂઆતને ધ્યાને લેવા અંગે જે તે વિભાગના સચિવોને તાત્કાલિક સૂચના આપવાની વ્યવસ્થા કરવા જણાવ્યું.

૫. **પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

ત્યારબાદ કુલ સોળ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૩, ૪, ૫, ૬, ૭, ૮ અને ૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૩૯, ૫૧, ૮૬, ૯૫, અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **ગિલોટીન થયેલી માગણીઓ**

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૨-૨૦૨૩ના વર્ષના અનુદાનો માટેની પૂરક માગણી ક્રમાંક ૫, ૬, ૭, ૧૦, ૧૧, ૧૪, ૧૮, ૧૯, ૨૧, ૨૭, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૫, ૪૧, ૪૪, ૪૬, ૪૯, ૫૨, ૫૩, ૫૪, ૫૯, ૬૦, ૬૨, ૬૬, ૬૭, ૭૦, ૭૧, ૭૩, ૭૪, ૭૫, ૭૯, ૮૦, ૮૩, ૮૪, ૮૫, ૮૮, ૮૯, ૯૦, ૯૧, ૯૨, ૯૬, ૯૮, ૧૦૧, ૧૦૩ અને ૧૦૬ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સોમવાર તા ૬ઠ્ઠી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨ .**જાહેર અગત્યની બાબત પર માનનીય રાજ્યકક્ષાના રમત-ગમત મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય રાજ્યકક્ષાના રમત-ગમત મંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાત અને દેશના યુવાનો વધુને વધુ સાહસિક બને તે હેતુથી આયોજન કરવામાં આવતી સમુદ્ર તરણ સ્પર્ધા અને ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાના ઇનામની રકમમાં વધારા અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું (નિયમ-૪૪) હેઠળનું નિવેદન વાંચીને કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)**

તા. ૨૪મી, ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૨૩-૨૪ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ રાજયકક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા સહિત કુલ-૨૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૪. **અધ્યક્ષશ્રીની જાહેરાત**

**(૧) ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક અંગે**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની વાર્ષિક સામાન્ય સભાની બેઠક વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં વિધાનસભાની બેઠકનું કામકાજ પૂર્ણ થયા બાદ દસ મિનિટ પછી રાખવામાં આવેલ હોવાથી દરેક સભ્યશ્રીએ તેમાં અચૂક હાજર રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી

**(૨) હોળીના ઉત્સવના કાર્યક્રમ અંગે**

આવતી કાલે તા.૭મી માર્ચ, ૨૦૨૩ના રોજ વિધાનસભા ખાતે હોળીના પ્રસંગની ઉજવણી રાખેલ હોઇ દરેક સભ્યશ્રીને તેમાં હાજર રહી ઉજવણી કરવા માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**મંગળવાર તા ૭મી, માર્ચ ૨૦૨૩**

**૧. પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૧.(અ) જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે લાલ ડુંગળી અને બટાટા પકવતા ખેડૂતો માટે સહાય અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિયમ-૪૪ હેઠળનું નિવેદન કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૨. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**

ઉપર્યુકત વિષય ઉપર સોમવાર તા. ૬ માર્ચ, ૨૦૨૩ના રોજ અધૂરી રહેલ ચર્ચા આગળ ચાલી ત્યારબાદ ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સહિત બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**૩. સભાગૃહનો વિરામનો સમય રદ કરવા અંગે**

સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલે વિરામ બાદનું બાકીનું કામકાજ હાથ પર લેવા માટે વિરામનો સમય રદ કર્યો.

**૪. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે શુભેચ્છા**

સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલે ૮મી માર્ચ, ૨૦૨૩ના અનુસંધાને એડવાન્સમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે વિશ્વની, દેશ અને રાજ્યની તમામ મહિલાઓને શુભેચ્છા પાઠવી

**શુક્રવાર તા ૧૦મી, માર્ચ ૨૦૨૩**

**પહેલી બેઠક**

૧. **માનનીય અધ્યક્ષશ્રીને હોળીનું આયોજન કરવા બદલ અભિનંદન**

સભ્યશ્રી ભગાભાઇ બારડે અત્યાર સુધીના ઇતિહાસમાં પહેલી વખત વિધાનસભા ખાતે હોળીનું આયોજન કરવા બદલ માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન પાઠવ્યા. સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પણ આ અંગે સૂર પૂરાવી માનનીય અધ્યક્ષશ્રીને અભિનંદન આપ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ પણ ગુજરાતની પ્રજાની લાગણી અને પ્રેમ પ્રદર્શિત કરવા હોળી મહોત્સવનું આયોજન કરનાર યુવા ધારાસભ્યશ્રીઓને અભિનંદન પાઠવી, આ મહોત્સવમાં ભાગ લેનાર માનનીય મુખ્યમંત્રીશ્રી, મંત્રીશ્રીઓ અને તમામ સભ્યશ્રીઓનો આભાર માન્યો.

૨. **સરકારી વિધેયક**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૪-સન ૨૦૨૩નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

માનનીય અધ્યક્ષશ્રીએ, આજ રોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૨૩-૨૪ના વર્ષના અંદાજપત્ર પરના ત્રીજા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઇ, અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ-૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા માટે જે ૭ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને બે-બે મિનિટનો સમય ફાળવવા તથા તે પૂર્ણ થયે વિનિયોગ વિધેયકને મતદાન ઉપર મૂકવા અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ કુલ સાત સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચનના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ- ૨ અને કલમ-૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને કલમ-૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો, જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૩. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)**

**ત્યારબાદ** જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સહિત કુલ સત્તાવીશ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

**બીજી બેઠક**

૧. **અધ્યક્ષશ્રીની સૂચના**

મીડિયા ઇવેન્ટ બનાવવા માટે સભાગૃહમાં કેટલાક સભ્યશ્રીઓ ખાવાની ચીજવસ્તુઓ લઇને આવ્યા અંગેની માહિતી મળતા, માનનીય અધ્યક્ષશ્રીએ તાત્કાલિક આવી વસ્તુ સભાગૃહ બહાર મૂકી આવવા અને જો આવું કામ કરશે તો તે વિધાનસભાના નિયમોના વિરુદ્ધનું ગણાશે અને તેઓની સામે કડક પગલાં લેવાની જાહેરાત કરી.

૨. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**તારાંકિત પ્રશ્નોત્તરીમાં સભ્યશ્રીઓએ હાજર રહેવા અંગે.**

તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન સભ્યશ્રીઓ પ્રશ્ન પૂછે છે તેના જવાબો તૈયાર કરવામાં સરકારી તંત્રનો ઉપયોગ થતો હોય ત્યારે સભ્યશ્રીઓ હાજર રહેતા ન હોવા અંગેનો સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, પ્રશ્નો તૈયાર કરવામાં ઘણી મહેનત અને ખર્ચ થતો હોય છે, તેથી પ્રશ્ન પૂછ્યા પછી સભાગૃહમાં હાજર રહેવું જોઇએ અને જે ધારાસભ્યો હાજર નથી તેમને વિધાનસભા સચિવશ્રી કક્ષાએથી આ અંગેની જાણ કરવામાં આવે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

૪. **માનનીય શિક્ષણમંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરનો પ્રસ્તાવ**

માનનીય શિક્ષણમંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોરે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે,

"આ સભાગૃહ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ની કલમ-૨(૨) વર્ગ-ખ ચૂંટાયેલા સભ્યો, પેટા કલમ-૧૦ની જોગવાઇ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના બે સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૫. **માનનીય આદિજાતિ વિકાસ મંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોરનો પ્રસ્તાવ**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોરે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે -

"આ સભાગૃહ, ભારતના બંધારણના પરિશિષ્ટ-૫ના ફકરા-૪ હેઠળ સરકારના શિક્ષણ અને મજૂર વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલ તા. ૧૯-૮-૧૯૬૦ના જાહેરનામા ક્રમાંકઃ ટીએસી/૧૨૬૦/ગ અન્વયે ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ માટે વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પૈકી પંદર સભ્યશ્રીઓની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે".

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ત્યારબાદ પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૬. **માનનીય** રાજ્ય કક્ષાના **સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માનો પ્રસ્તાવ**

માનનીય રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે -

" આ સભાગૃહ સને ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમની કલમ-૧૫૬(૧)(૫) મુજબ ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે.**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ત્યારબાદ પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

૭. **માનનીય** રાજ્ય કક્ષાના **પંચાયત મંત્રીશ્રી બચુભાઇ ખાબડનો પ્રસ્તાવ**

માનનીય રાજ્ય કક્ષાના પંચાયત મંત્રીશ્રી બચુભાઇ ખાબડે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો કે-

"આ સભાગૃહ, સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ-૨૬૬ની પેટા કલમ-૧(ગ)ના ખંડ-(૬) મુજબ રાજ્ય પંચાયત પરિષદ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**ત્યારબાદ પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૮ માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**યુનિવર્સિટીની સેનેટ, કોર્ટ ઉપર તેમજ સમિતિઓની ખાલી પડેલ બેઠકોની ચૂંટણી માટેના કાર્યક્રમ અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર બે, ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી કાન્સિલ ઉપર ત્રણ, પંચાયત કાઉન્સિલ ઉપર ત્રણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક એમ જુદી જુદી યુનિવર્સિટીની સેનેટ કે કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની તેમજ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૯. **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

**ઉપર્યુકત વિષય પર તા.૧૦મી માર્ચ ૨૦૨૩ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી ,વિપક્ષના સભ્યશ્રી** અર્જુનભાઇ મોઢવાડિયા સહિત કુલ-૩૧ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ત્યારબાદ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

૧૦. **સભ્યોને સસ્પેન્ડ કરવા બાબત**

આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશ મકવાણાને અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચામાં ભાગ લેવાની મંજૂરી આપી તે વખતે કોંગ્રેસના સભ્યશ્રી કાંતિભાઇ ખરાડીએ નિયમ-૧૧૬ની નોટિસની ચર્ચા અંગેનો મુદ્દો ઉઠાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ નિયમ-૧૧૬ની નોટિસ દાખલ કર્યા બાદ જ તેના પર ચર્ચા કરી શકાય તેમ જણાવ્યું અને કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલ સભ્યશ્રીઓને સભાગૃહની કાર્યવાહીમાં અવરોધ પેદા ન કરવા વારંવાર વિનંતી કરી સભ્યશ્રીઓને તેમનું સ્થાન લેવા જણાવ્યું. પરંતુ માનનીય અધ્યક્ષશ્રીએ વારંવાર વિનંતી કરતા છતાં કોંગ્રેસ પાર્ટીના સભ્યશ્રીઓએ પોતાની જગ્યા ઉપર ઉભા થઇને પ્લે-કાર્ડ દર્શાવવાનું અને સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખતા માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને નિયમ-પર નીચે નેઇમ કર્યા.

ત્યારબાદ સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નિયમ-પર હેઠળ નેઇમ કરાયેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓને આજના દિવસની સભાગૃહની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવાની દરખાસ્ત કરતાં, રાજ્ય કક્ષાના સંસદીય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ તેને સમર્થન આપ્યું.

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

૧૧. **સાર્જન્ટ દ્વારા તપાસ અહેવાલ અંગે માનનીય અધ્યક્ષશ્રીનો આદેશ**

માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહમાં સૂત્રોચ્ચાર અને દેખાવો માટે કોંગ્રેસ કાર્યાલયનો ઉપયોગ થયો હોય તો તે માટે તપાસ કરીને વિગતવાર તપાસ અહેવાલ આપવા સાર્જન્ટને આદેશ કર્યો.

૧૨. **સભાગૃહનો વિરામનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાની દરખાસ્ત મૂકતાં, સભાગૃહે સંમતિ આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅ-નુસાર નાણામંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહના વિરામનો સમય લંબાવ્યો.

૧૩. **બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

**(૧) માનનીય સભ્યશ્રી વિપુલકુમાર પટેલનો સંકલ્પ**

સભ્યશ્રી વિપુલકુમાર પટેલે ‘‘બ્રિટીશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન દ્વારા બહાર પાડવામાં આવેલ ડોક્યુમેન્ટરીમાં સને ૨૦૦૨માં સર્જાયેલ ગોધરાકાંડ અને ત્યારબાદ ગુજરાતમાં થયેલ કોમી રમખાણો સંદર્ભમાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના હાલના માનનીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબની છબી અને લોકપ્રિયતાને ઇરાદાપૂર્વક નુકસાન પહોંચાડવાના હીન પ્રયાસ અને રાજ્ય સરકારને દોષિત ઠેરવવાના દુષ્પ્રયાસ સામે કડક પગલાં લેવાં’’ અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ સહિત ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**(૩) માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાનો સંકલ્પ**

માનનીય સભ્યશ્રી મહેશ કસવાલાએ "ભારત સરકાર દ્વારા ચાલુ વર્ષને 'ઇન્ટરનેશનલ મિલેટ યર' જાહેર કરાતા, જાડા ધાન્યનો ઉપયોગ મનુષ્યને અનેક રોગો સામે રક્ષણ આપી નિરોગી જીવન બક્ષે છે, ત્યારે તેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ કરીને નિરોગી રહે તે માટેનાં જરૂરી પગલાં લેવાં" પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલ સહિત ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય કૃષિમંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**શનિવાર તા ૧૧મી, માર્ચ ૨૦૨૩**

**૧. પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

**૨. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) દહેજ સેઝ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત સ્ટેટ પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૪) ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૫) નેશનલ હાઇ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૭) ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળના સન ૨૦૧૯-૨૦થી સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો તેમજ સન ૨૦૧૯-૨૦ અને સન ૨૦૨૦-૨૧ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

(૮) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

**૩ અનુમતિ મળેલ વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવા**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ (બીજા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવા સન ૨૦૨૩ના વિધેયક ક્રમાંક-૧, ૨ અને ૩ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

**૪. વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન**

માનનીય અધ્યક્ષશ્રીએ વધારાના ખર્ચની માગણીઓ પર ચર્ચા અને મતદાન સંબંધમાં ગૃહને માર્ગદર્શન આપતી જાહેરાત કરી અને માનનીય નાણામંત્રીશ્રીને વધારાના ખર્ચ માટેની માગણીઓ સભાગૃહ સમક્ષ રજૂ કરવા જણાવ્યું.

શરૂઆતમાં માનનીય નાણામંત્રીશ્રીએ સન ૨૦૦૭-૨૦૦૮, ૨૦૦૮-૨૦૦૯ અને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટેના વધારાના ખર્ચની માગણીઓ પર વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) ની સાથે વાંચતા તેના અનુચ્છેદ ૨૦૫ અન્વયે નામદાર રાજ્યપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૫, ૮, ૯,૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૪, ૫૦, ૫૧, ૫૩, ૫૫, ૫૭, ૬૧, ૬૨, ૬૪, ૬૬,૭૩, ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૫ રજૂ કરી.

ત્યારબાદ સન ૨૦૦૭-૨૦૦૮ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૩, ૫, ૮, ૯,૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૮,૨૧,૨૨, ૨૩, ૨૫, ૨૬, ૩૧, ૩૨, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૪, ૫૦, ૫૧, ૫૩, ૫૫, ૫૭, ૬૧, ૬૨, ૬૪, ૬૬,૭૩, ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૨, ૮૪, ૮૬, ૮૭, ૮૮ અને ૯૫ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૫, ૮, ૯, ૧૩, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૮, ૬૨, ૬૬, ૭૩, ૭૯, ૮૦, ૮૧, ૮૬, ૮૭, ૧૦૪ અને ૧૦૬ રજૂ કરી.

ત્યારબાદ સન ૨૦૦૮-૨૦૦૯ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૫, ૮, ૯, ૧૩, ૨૧, ૨૨, ૨૩, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૩, ૪૪, ૫૫, ૫૮, ૬૨, ૬૬, ૭૩, ૭૯, ૮૦, ૮૧, ૮૬, ૮૭, ૧૦૪ અને ૧૦૬ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૯, ૨૬, ૬૬, ૬૮, ૭૩, ૮૭ અને ૮૮ રજૂ કરી. ત્યારબાદ સન ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટેની વધારાના ખર્ચની માગણી ક્રમાંક ૯, ૨૬, ૬૬, ૬૮, ૭૩, ૮૭ અને ૮૮ મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૫. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**પ્રો-રેટા સિસ્ટમ દૂર કરવા અંગે**

માગણીઓ પર ચર્ચા અને મતદાન વખતે અમારા પક્ષની સભ્ય સંખ્યા ઓછી હોવાથી પ્રો-રેટા મુજબ સમય ન ફાળવવા અને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૫૬ અને નિયમ-૩૩ પ્રમાણે અધ્યક્ષશ્રીને આ અંગે સત્તા હોવાનો કોંગ્રેસ પક્ષના દંડક ડૉ.સી.જે. ચાવડાએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉઠાવી આ અંગે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ સને ૨૦૦૮થી મારા અગાઉના પૂર્વ અધ્યક્ષશ્રીઓએ સમય ફાળવણી નક્કી કરેલ છે, જે સંસદ તથા અન્ય રાજ્ય વિધાનસભા, મંડળોમાં પણ છે, તે ધ્યાને લઇને પ્રો-રેટા મુજબ સમય ફાળવણીનો નિર્ણય કરવામાં આવેલ છે તેમ જણાવી પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)**

માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩-૨૦૨૪ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની નામદાર રાજ્યપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૨, અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૩, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ રજૂ કરી. તથા સિંચાઇ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૬ તથા પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૭ માનનીય જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧,૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૩, ૧૪ અને ૧૬, માગણી ક્રમાંક-૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭, માગણી ક્રમાંક-૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯, ૨૩, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ માગણી ક્રમાંક-૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૭ અને ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ ચર્ચાનો જવાબ આપ્યો

૭. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

માનનીય મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

૮. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ) (ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક-૧, ૪, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૩૦, ૩૧, ૩૪, ૩૫, ૩૭ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૨૨, ૨૩, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સોમવાર તા ૧૩મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

તા. ૨૭-૨-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલાના અમદાવાદ શહેરમાં નેશનલ ફુડ સિક્યોરિટી એક્ટ હેઠળ જનસંખ્યા વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૭૫ (અગ્રતા-૮)ના અનુસંધાને વધારાની માહિતી

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)**

મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૦ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ આ તબક્કે સભાગૃહમાં હાજર ન હોવાથી માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી. ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૧, સામાન્ય વહીવટ વિભાગની સેવાને લગતી સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૩ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી. નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૫ નર્મદા અને કલ્પસર પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી. શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૧, શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૨ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક-૩૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ અને ૮, માગણી ક્રમાંક-૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૯, ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક-૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭, ૧૮, ૧૯ અને ૨૦, માગણી ક્રમાંક-૧૦૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૨ અને ૨૩, માગણી ક્રમાંક-૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. કુલ-એક્વીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૪. **માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

**સભ્યશ્રીને પુરાવા આપવા અંગે**

માગણી પર ચર્ચા દરમિયાન આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશભાઇ મકવાણાએ ઉચ્ચારેલા શબ્દો અંગે રાજય કક્ષાના સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ વાંધો લઇ આ અંગેના પુરાવા માગતા, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીને આ અંગેના પુરાવા હોય તો તાત્કાલિક મંત્રીશ્રીને આપવા જણાવ્યું તેમજ સભાગૃહમાં વિધાનસભાના નિયમો પ્રમાણે અખબારના કટિંગ કે બહાર ચાલતી ચર્ચાના આધારે ચર્ચા કરી શકાતી નથી, પણ તેના આધાર પુરાવા સાથે ચર્ચા કરી શકાય છે તેમ જણાવ્યું.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ સામાન્ય વહીવટ વિભાગ તથા નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરૂં)

૬. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( સાંજના ૪-૫૫)

૭. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે તેમની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક- ૬૫ ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક-૧૭, ૧૮, ૧૯ અને ૨૦ સભાગૃહની અનુમતિથી પરત ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક- ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧ અને ૩૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક- ૩૦, ૩૧, ૩૩, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**મંગળવાર તા ૧૪મી, માર્ચ ૨૦૨૩**

**૧. ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે શુભકામના**

માનનીય અધ્યક્ષશ્રીએ ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આજરોજથી શરૂ થતી હોઇ, ગુજરાતના તમામ વિદ્યાર્થી ભાઇ બહેનોને ગુજરાત વિધાનસભાના તમામ સભ્યશ્રીઓ વતી ખૂબ ખૂબ શુભકામના પાઠવી.

૨. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૩. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**ડ્રગ્સના કારણે યુવાધનની બરબાદી અંગે**

સભ્યશ્રી અમિત ચાવડાએ નિયમ-૧૧૬ અન્વયે ‘‘ઓખા, કચ્છ અને સૌરાષ્ટ્રના દરિયામાંથી હેરોઈન ગુજરાતમાં ઠલવાતું હોવાના કારણે યુવાધન બરબાદ થશે તેવો ભય અને આક્રોશ નાગરિકોમાં ફેલાયેલ છે, ત્યારે ગુજરાતમાં ડ્રગ્સનો કારોબાર દરિયાઇ માર્ગે ઠલવાતો અટકાવવા માટે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)**

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨, નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે રજૂ કરી. માહિતી અને પ્રચારને લગતી સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૪, બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૫ માહિતી અને પ્રસારણ વિભાગ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૪, ૫, અને ૬, માગણી ક્રમાંક-૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮, માગણી ક્રમાંક-૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક-૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ અને ૨૯, માગણી ક્રમાંક-૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૨ અને ૩૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યાર બાદ કુલ સોળ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ તથા માહિતી અને પ્રસારણ વિભાગ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરૂં)

૫. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ પૂરો થાય અને તેના ઉપર મતદાન થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તેમની માગણીઓ ઉપરની ચર્ચાનો જવાબ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૮, ૨૯, ૩૨ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૨, ૩, ૪, ૬, ૫૪ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**બુધવાર તા. ૧૫મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **માનનીય અધ્યક્ષશ્રીનું સૂચન**

પ્રશ્નોત્તરીના સમયમાં અમારા પક્ષને પૂરતો સમય આપવાનો કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષભાઇ પરમારની રજૂઆતના અનુસંધાનમાં માનનીય અધ્યક્ષશ્રીએ આજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાં અગ્રતાક્રમ નં. ૫ અને ૬ માં વિપક્ષના સભ્યોને પૂરતો સમય આપેલ છે અને જે તે સભ્યએ પ્રશ્ન મૂવ કર્યા બાદ તેના પેટા પ્રશ્નોમાં જે તે જિલ્લાના અને ટ્રાયબલના સભ્યશ્રીઓને મોકો આપ્યા બાદ બાકીના જિલ્લાના સભ્યશ્રીઓને મોકો આપું છું, તેમ જણાવી વિપક્ષને વધુ મોકો મળવો જોઇએ તેવો આગ્રહ ન રાખવા માટે વિનંતી કરી.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)**

ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૯ ઉદ્યોગ અને ખાણ વિભાગના માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી. ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૦ ખાણ અને ખનીજ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી. શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૭, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી. જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક- ૭૮ અને કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૯ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૬, ૭ અને ૮, માગણી ક્રમાંક-૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક-૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫ અને ૨૬, માગણી ક્રમાંક-૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮, ૩૦, ૩૧, ૩૨ અને ૩૩ તથા માગણી ક્રમાંક-૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૩૫ અને ૩૬ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ એકવીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ ઉદ્યોગ અને ખાણ વિભાગ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તથા ખાણ અને ખનીજ અને મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

૪. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરની ચર્ચાનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૮, ૩૦, ૩૧, ૩૨, ૩૩, ૩૫ અને ૩૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૪૯, ૫૦, ૫૭, ૭૮ અને ૭૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગુરુવાર તા. ૧૬મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** પોઇન્ટ ઓફ ઓર્ડર

તારાંકિત પ્રશ્નોત્તરીના જવાબના આંકડામાં વિસંગતતા અંગે

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી શૈલેષ પરમારે આજની તારાંકિત પ્રશ્નોત્તરી યાદીમાના પ્રશ્ન અગ્રતાક્રમ અનુક્રમે ૭, ૨૭, ૭૪, ૮૪ અને ૯૬ના જવાબમાં રોજગારી આપવાના આંકડામાં વિસંગતતા હોવા અંગેનો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગતા, આ બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતને સ્પષ્ટતા કરવાનું જણાવતા, માનનીય ઉદ્યોગ મંત્રીશ્રીએ જરૂરી વિગતો જરૂર જણાશે તો સુધારીને ટેબલ ઉપર મૂકવામાં આવશે તેમ જણાવ્યું.

**3.** સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન હબનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, હબની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨) ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેનીસરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૪) ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનનીકામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો,ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેનીસરકારની સમીક્ષા

(૬) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૮-૧૯ અને સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક વહીવટી અહેવાલ તથા સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આ ત્રણેય અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાંથયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

(૭) સન ૨૦૧૩નું રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ હેઠળનું અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનું તા. ૨૫/૦૧/૨૦૨૩નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ / ૨૦૨૩ / ૪ / એફસીએસસીએડી/ એમકેએમ/ઇ-ફાઇલ/૫/૨૦૨૨/૧૨૪૧/સી૧

૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૦, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી. ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૬૦ કાયદા વિભાગના માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭ માગણી ક્રમાંક-૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, માગણી ક્રમાંક-૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ અને ૨૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ કુલ વીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને કાયદા વિભાગના માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરું)

૫. **માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

માગણી ઉપરની ચર્ચામાં ભાગ લીધા પછી માનનીય સભ્યશ્રીઓએ મંત્રીશ્રીના જવાબ વખતે પણ હાજર રહી જવાબ સાંભળવો જોઇએ, તેવી માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો. ( પ્રવચન અધૂરું)

૭. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરની ચર્ચાનો જવાબ અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમાએ સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

૮. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ અધૂરી રહેલ ચર્ચાનો જવાબ માનનીય પ્રભારી મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૩૯, ૪૦ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**શુક્રવાર તા. ૧૭મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

**૨.** તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

H3N2 ફ્લૂના ભય અંગે

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ નિયમ-૧૧૬ અન્વયે '' રાજ્યમાં H3N2 ફ્લૂના કારણે શરદી, તાવ, ઝાડા, ઉલટી તેમજ ખાંસીના કેસોમાં થયેલ વધારાના કારણે નાગરિકોમાં H3N2 ફ્લૂનો ભય ફેલાયેલ છે, ત્યારે H3N2 ફ્લૂને ફેલાતો અટકાવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૩.** માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૦ પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે રજૂ કરી. ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૧ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે રજૂ કરી તથા વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયાએ રજૂ કરી.

**માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩, માગણી ક્રમાંક-૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪, ૧૫ અને ૧૭ તથા માગણી ક્રમાંક-૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, ૧૯ અને ૨૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.**

**ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ કુલ પાંચ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

**ત્યારબાદ ચર્ચાનો જવાબ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી પ્રફુલ પાનસેરીયાએ, પંચાયત પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડે તથા ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે આપ્યો.**

**ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૫, ૬, ૭, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯ અને ૨૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.**

**ત્યારબાદ માગણી ક્રમાંક-૭૦, ૭૧ અને ૮૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

૪. **બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી બાબુભાઇ પટેલે ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૦-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. ત્યારબાદ કુલ ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયકના પ્રભારી સભ્યશ્રી પુનમચંદ બરંડા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

(3) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૩નું ગુજરાત પાણી પ્રદૂષણ ( નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી અમિત શાહ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

(૪) સભ્ય શ્રીમતી રીટાબેન પટેલે ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૩નું ગુજરાત નાના કુટુંબને વૃદ્ધિ (પ્રોત્સાહન) વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ કુલ ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**શનિવાર તા. ૧૮મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલની રજૂઆત ધ્યાને લઇ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઉનાળાની ગરમીના કારણે વિકલાંગ, અશક્ત અને વૃદ્ધ વ્યક્તિઓ માટે પાર્કિંગથી વિધાનસભા આવવા માટે ૨ ઇલેક્ટ્રિક કારની વ્યવસ્થા કરી આપેલ હોવાની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી અને ગૃહના તમામ સભ્યશ્રીઓને તેમના વિસ્તારમાંથી આવતા મુલાકાતીઓને જાણકારી આપવા માટે જણાવ્યું.

૩. **પોઇન્ટ ઓફ ઓર્ડર**

**એન.સી.બી.ના ડેટા અંગેના આધાર-પુરાવા રજૂ કરવા અંગે**

તા.૧૪-૩-૨૦૨૩ના રોજ નિયમ-૧૧૬ની નોટિસની ચર્ચા દરમિયાન કોંગ્રેસ પક્ષના માનનીય સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયા દ્વારા એન.સી.બી.ના અહેવાલના આધારે ઉલ્લેખ કરેલ આંકડાઓના અનુસંધાનમાં માનનીય ગૃહ રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે હજુ સુધી એન.સી.બી.નો અહેવાલ તેમણે રજૂ કર્યો નથી. તેમણે રજૂ કરેલ આંકડા સત્યથી વેગળા હોવાનું જણાવી તેને રેકર્ડ ઉપરથી દૂર કરવા તથા ગૃહની માફી માગવા જણાવ્યું. માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે માનનીય અર્જુનભાઇ અને માનનીય હર્ષભાઇ બંનેની વીડિયો ક્લિપ જોયા બાદ આ અંગેનો નિર્ણય જાહેર કરીશ તેમ જણાવ્યું.

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૨૭, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫૧, વન અને પર્યાવરણ તથા પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ રજૂ કરી. યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૮, રાજ્ય કક્ષાના રમત ગમત અને યુવક સેવા મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૭ ક્લાઇમેટ ચેન્જ વિભાગના માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ રજૂ કરી

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૩, ૪ અને ૫, માગણી ક્રમાંક-૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫ અને ૧૬, માગણી ક્રમાંક-૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭, ૧૮ અને ૨૦, માગણી ક્રમાંક-૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ તથા માગણી ક્રમાંક-૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૮, ૩૦ અને ૩૧ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ કુલ બાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગના રાજ્ય કક્ષાના માનનીય પ્રભારી મંત્રીશ્રી હર્ષ સંઘવી તથા વન અને પર્યાવરણ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગના માનનીય પ્રભારી મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ આપ્યો. ( પ્રવચન અધૂરું )

૫. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરની ચર્ચાનો જવાબ અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન ( સાતમો દિવસ ) (ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ વન અને પર્યાવરણ વિભાગ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ તથા ક્લાઇમેટ ચેન્જ વિભાગના માનનીય પ્રભારી મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૪, ૫, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૦ અને ૩૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૨૬, ૨૭, ૫૧, ૯૮ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સોમવાર તા. ૨૦મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **જાહેર અગત્યની બાબત પર માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે નિયમ-૪૪ હેઠળનું રાજ્ય સરકારના લઘુત્તમ વેતન અધિનિયમ-૧૯૪૮ અન્વયે ૪૬ વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના તેમજ શેરડી કાપણી-ભરણી વ્યવસાયમાં રોકાયેલ શ્રમયોગીઓના વેતનદરમાં સુધારા અંગેના સરકારના નિર્ણય ની જાહેરાત કરતું નિવેદન કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળ**

સન ૧૯૭૨ના ગુજરાત આવશ્યક સેવા જાળવણી અધિનિયમ હેઠળ વીજ ઉત્પાદન, વીજ પ્રવહન, વીજ વિતરણ, ઉપરાંત ટ્રેડિંગ ઓફ ઇલેક્ટ્રિકલ પાવર એન્ડ કો-ઓર્ડિનેશન એક્ટિવિટી કરતા હોય તેવા ઉદ્યોગોમાના તમામ રોજગારને આવશ્યક સેવાઓ તરીકે જાહેર કરતું ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનું તા. ૧૪-૩-૨૦૨૩નું જાહેરનામા ક્રમાંક-ઘઇ/૨૦૨૩-૧૫/જીયુવી-૧૧૨૦૧૦-૨૮૬૧-ક(પાર્ટ-૨)

૪. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)**

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯, શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦,અનુસૂચિત આદિજાતિ કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૩ તથા આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૬ માનનીય શિક્ષણ મંત્રી તથા આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬ અને ૧૭, માગણી ક્રમાંક-૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮, માગણી ક્રમાંક-૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦, ૨૧, ૨૪ અને ૨૫ તથા માગણી ક્રમાંક-૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૬ અને ૨૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ કુલ ઓગણીસ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ શિક્ષણ વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના પ્રભારી મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

૫. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાલકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીની માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતા, તેને કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી વિમલભાઇ ચુડાસમાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

૬. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) ( ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરએ પોતાનું અધૂરું વકતવ્ય પૂર્ણ કર્યુ. ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૪, ૨૫, ૨૬ અને ૨૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૯, ૧૦, ૯૩ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**મંગળવાર તા. ૨૧મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**પોરબંદરના દરિયામાંની ડોલ્ફિન અને શાર્ક માછલીઓને બચાવવા અંગે**

સભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડિયાએ નિયમ-૧૧૬ અન્વયે '' પોરબંદરના દરિયામાં ડોલ્ફિન અને શાર્ક માછલીઓના શિકારની ઘટના સામે આવતા વન્યજીવ પ્રેમીઓમાં રોષની લાગણી વ્યાપી છે તેને દૂર કરવા માટે સરકારે લીધેલાં કે

લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુળુભાઇ બેરાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૪૪ તથા વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૭૪ રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨, માગણી ક્રમાંક-૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૨, માગણી ક્રમાંક-૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ અને ૨૪ અને માગણી ક્રમાંક-૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૨૫, ૨૭ અને ૨૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ કુલ ચૌદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય ગૃહ મંત્રીશ્રી તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ આપવાનો શરૂ કર્યો. (પ્રવચન અધૂરૂં)

૪. **સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો. ( બપોરના ૧-૨૩)

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવીએ પૂર્ણ કર્યો. ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૭ અને ૨૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૪૨, ૪૩, ૪૪ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરૂવાર, **૨૩મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **શહીદ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ**

આજ રોજ તા. ૨૩મી માર્ચના રોજ શહીદ દિન નિમિત્તે સભ્યશ્રી હેમંતભાઇ આહીરે શહીદ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુના બલિદાનોને યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પી. ત્યારબાદ સભ્યશ્રીઓ શ્રીમતી મનિષાબેન વકીલ, શ્રી ઉદય કાનગડ, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે શહીદોને શ્રદ્ધાંજલિ અર્પી. માનનીય અધ્યક્ષશ્રીએ પણ સમગ્ર સભાગૃહ વતી શહીદ દિન નિમિત્તે શહીદોને અંજલિ આપી.

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

સહકારને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૫, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૬ તથા ગુજરાતના પાટનગર બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૮૭ રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી અને માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૨, ૪ અને ૮, માગણી ક્રમાંક-૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૦, ૨૩, ૨૫ અને ૨૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ કુલ ચાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય સહકાર મંત્રીશ્રી તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા પ્રભારી મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ આપવાનો શરૂ કર્યો.(પ્રવચન અધૂરું)

**૪. સભાગૃહનો વિરામનો સમય ટૂંકાવવા અંગે**

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે વિરામ બાદ બિન-સરકારી સંકલ્પ હાથ ઉપર લેવાના હોવાથી માનનીય મંત્રીશ્રીના માગણી પરની ચર્ચાનો જવાબ અને તેના પર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો વિરામનો સમય ટૂંકાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહનો વિરામનો સમય ટૂંકાવ્યો.

**૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય સહકાર મંત્રીશ્રી તથા માર્ગ અને મકાન વિભાગનો હવાલો ધરાવતા પ્રભારી મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ પૂર્ણ કર્યો.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨, ૪, ૮, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૭, ૨૦, ૨૩, ૨૫ અને ૨૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૫, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**૬. બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

**માનનીય સભ્યશ્રી જયસુખભાઇ કાકડિયાનો સંકલ્પ**

સભ્યશ્રી જયસુખભાઇ કાકડિયાએ "ભારતે સૌ પ્રથમવાર ૧ ડિસેમ્બર, ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૩ સુધી G-20 સંગઠનનું પ્રમુખપદ સંભાળેલ હોઇ, આપણું ગુજરાત રાજ્ય વિવિધ સ્તરો અને સ્થળોએ કુલ-૧૬ બેઠકોની યજમાની કરી રહ્યું છે અને વિવિધ ક્ષેત્રોમાં રોકાણની સંભાવનાને મુલાકાતી પ્રતિનિધિઓ સમક્ષ રજૂ કરવામાં આવી રહી છે. જેથી આ આયોજન થકી G20 સંગઠનના સભ્ય દેશો દ્વારા આપણા રાજ્યમાં ઔદ્યોગિક ક્ષેત્રે ખૂબ મોટા પ્રમાણમાં મૂડી રોકાણ થાય તેમજ રાજ્યના પ્રવાસન ક્ષેત્રને વેગ મળે તેવી આશા ઊભી થઇ છે, જે વાસ્તવિકતામાં પરિવર્તિત થાય તે માટેનાં પગલાં લેવાં" અંગેનો પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત સહિત છ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**(૨) માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલાનો સંકલ્પ**

માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલાએ "માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૯મી જુલાઇ, ૨૦૨૦ના રોજ રાષ્ટ્ર સમક્ષ એક આગવી શિક્ષણ નીતિ અમલમાં મૂકી, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ના રૂપે અમલમાં આવેલ આ નીતિ એકવીસમી સદીની પહેલી શિક્ષણ નીતિ છે, જેને ગુજરાત રાજ્ય દ્વારા પ્રસ્તુત રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને સંપૂર્ણપણે સ્વીકારવામાં આવી છે અને તેમાં જણાવવામાં આવેલ વિવિધ ભલામણોના સંપૂર્ણ અને અસરકારક અમલીકરણ માટે જરૂરી હોય તે તમામ પગલાં લેવાં" પોતાનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.

ત્યારબાદ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોર સહિત આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરે આપવાનો શરૂ કર્યો.( પ્રવચન અધૂરું)

**૭. સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવવા અંગે**

શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોર પ્રસ્તાવનો જવાબ આપી રહ્યા હતા તે દરમ્યાન મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે મંત્રીશ્રીનો સંકલ્પ પરનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા, કોંગ્રેસ પક્ષના દંડક ડૉ.સી.જે. ચાવડાએ સમર્થન કરતા, માનનીય અધ્યક્ષશ્રીએ તદ્દઅનુસાર સંકલ્પ પરની ચર્ચાનો સમય લંબાવ્યો

**૮. માનનીય સભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલાનો સંકલ્પ ( ક્રમશઃ)**

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઇ ડીંડોરે પૂર્ણ કર્યો.

**ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.**

**૯. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**શિક્ષણ બોર્ડ, પરિષદ, યુનિવર્સિટીની સેનેટ, કોર્ટ ઉપર તેમજ સમિતિઓની ખાલી પડેલ બેઠકોની ચૂંટણી માટેના સુધારેલ કાર્યક્રમ અંગે**

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર બે, ગુજરાત રાજ્ય આદિજાતિ સલાહકાર પરિષદ ઉપર પંદર, ગુજરાત રાજ્ય સહકારી પરિષદ ઉપર ત્રણ, ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ ઉપર ત્રણ તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ ઉપર બે,

સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે, ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર બે, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક અને ક્રાંતિગુરુ શ્યામજીકૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી માટે અને અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ તેમજ પંચાયતી રાજ સમિતિ પર ૧૫-૧૫ સભ્યોની ચૂંટણી માટેના સુધારેલા કાર્યક્રમની જાહેરાત કરી.

**શુક્રવાર તા.૨૪મી, માર્ચ ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**.

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત સ્ટેટ ઇન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૪) ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૬) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

(૮) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તથા આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાની સ્પષ્ટીકરણાત્મક યાદી

(૯) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

(૧૦) ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૧૧) ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ ક્લિયરન્સ સેલનું સન ૨૦૨૧-૨૨નું સુધારેલ અંદાજપત્રક તથા સન ૨૦૨૨-૨૩નું અંદાજપત્રક તથા ગુજરાત હાઉસિંગ બોર્ડના સન ૨૦૧૯-૨૦ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૧૨) ગુજરાત તકેદારી આયોગનો સન ૨૦૨૧નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ

(૧૩) નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબનો સન ૨૦૧૫-૧૬ના વર્ષનો મહાનગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૧૪) સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેની આ સાથેના પત્રકમાં જણાવ્યા મુજબની નાણા વિભાગની કુલ-૨૧ અધિસૂચનાઓ તેમજ આ અધિસૂચનાઓ પૈકી તા. ૩૦-૦૯-૨૦૨૨ સિવાયની તમામ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

| ક્રમ | જાહેરનામા ક્રમાંક | તારીખ |
|---|---|---|
| 1. | (GHN-119)GSTR-2020/S.164(67)TH | 31-12-2020 |
| 2. | (GHN-27B)GST-2021/S.9(1)(35)TH | 02-06-2021 |
| 3. | (GHN-27C)GST-2021/S.9(1)(36)TH | 02-06-2021 |
| 4. | (GHN-30)GST-2021/S.50(1)(3)TH | 09-06-2021 |
| 5. | (GHN-34)GST-2021/S.128(29)TH | 09-06-2021 |
| 6. | (GHN-71)GST-2021/S.11(1)(57)TH | 30-09-2021 |
| 7. | (GHN-76)GST-2021/S.9(1)(40)TH | 30-09-2021 |
| 8. | (GHN-84)GST-2021/S.1(15)TH | 01-11-2021 |
| 9. | (GHN-88)GST-2021/S.25(6D)(4), R.46(4), R.48(4)(8)TH | 20-11-2021 |
| 10. | (GHN-90)GST-2021/S.9(1)(42)TH | 25-11-2021 |

| | | |
|---|---|---|
| 11. | (GHN-92)GST-2021/S.9(5)(3)TH | 25-11-2021 |
| 12. | (GHN-96)GSTR-2021/S.164(76)TH | 13-12-2021 |
| 13. | (GHN-1)GST-2022/S.11(1)(60)TH | 01-01-2022 |
| 14. | (GHN-31)GST-2022/S.9(1)(47)TH | 31-03-2022 |
| 15. | (GHN-32)GST-2022/S.10(1)(7)TH | 31-03-2022 |
| 16. | (GHN-48)GST-2022/S.168A(13)TH | 16-07-2022 |
| 17. | (GHN-51)GST-2022/S.9(1)(48)TH | 16-07-2022 |
| 18. | (GHN-52)GST-2022/S.9(1)(49)TH | 16-07-2022 |
| 19. | (GHN-54)GST-2022/S.11(1)(63)TH | 16-07-2022 |
| 20. | (GHN-55)GST-2022S.11(1)(64)TH | 16-07-2022 |
| 21. | (GHN-67)GST-2022/S.164(80)TH | 30-09-2022 |

(૧૫) સન ૨૦૨૧ના ગુજરાત ચિકિત્સા સંસ્થાઓ (રજીસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ અન્વયેના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના

(૧) તા. ૧૩-૦૯-૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ એચવાય /૩૦/જીઓઆઇ/૧૩૨૦૧૦/એ,

(૨) તા.૨૯-૦૯-૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચવાય/૩૨/ ૨૦૨૨/જીસીએ/ ૧૦૨૦૨૧/૧૩૧૪/એ

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

### ૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૨, અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૯૫ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૦૫ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮ અને ૯, માગણી ક્રમાંક-૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ તથા માગણી ક્રમાંક-૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭ અને ૧૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ ઉપરોક્ત માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ ચૌદ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય પ્રભારી મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ આપવાનો શરૂ કર્યો. (પ્રવચન અધૂરું)

### ૪. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો માગણીઓ પર ચર્ચાનો જવાબ અને તેના ઉપર મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને કોંગ્રેસ પક્ષના દંડક ડૉ. સી.જે.ચાવડાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

### ૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)(ક્રમશઃ)

ત્યારબાદ ચર્ચાનો જવાબ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગના માનનીય પ્રભારી મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ પૂર્ણ કર્યો.

### ૬. પોઇન્ટ ઓફ ઓર્ડર

### સભ્યશ્રીઓના પ્રશ્નોને મંત્રીશ્રીઓના જવાબમાં સમાવી લેવા અંગે

કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી જિજ્ઞેશકુમાર મેવાણી અને કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ પોતાના પ્રવચન દરમિયાનના પ્રશ્નોના માનનીય મંત્રીશ્રી જવાબ આપે તેવો આગ્રહ રાખતા, સભ્યશ્રી રમણલાલ વોરાએ આ બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી જણાવ્યું કે આ અંગેની આપણે ત્યાં પ્રણાલિકા નથી. માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમો પ્રમાણે મંત્રીશ્રીએ કેવો જવાબ આપવો તે અંગે તેઓશ્રીને ફરજ પાડી શકીએ નહિ તેમ જણાવી માનનીય સભ્યશ્રી રમણલાલ વોરાનો પોઇન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખ્યો.

### ૭. સભાત્યાગ

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડાએ ઓ.બી.સી. કમિશનની મુદત તેમજ તે અંગેનો રિપોર્ટ સબમિટ ન થવા અંગે તેમજ એસ.સી., એસ.ટી. તેમજ ઓ.બી.સી. સમાજ માટે પૂરતું બજેટ ફાળવણીના અનુસંધાનમાં માનનીય મંત્રીશ્રી પાસે જવાબ માગતાં, માનનીય મંત્રીશ્રીએ ઝવેરી કમિશનની મુદત ૧૨મી માર્ચે પૂરી થયેલી છે અને ટૂંક સમયમાં

આ બાબતને અમે માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે મૂકવાના છીએ તેમ જણાવતા, જે જવાબથી અસંતોષ વ્યક્ત કરીને કોંગ્રેસ પક્ષના ગૃહમાં હાજર રહેલા તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

ત્યારબાદ રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭ અને ૧૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૯૨, ૯૫ અને ૧૦૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૮. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

તા. ૨૭-૩-૨૦૨૩ના રોજ વિધાનસભાના ચોથા માળે બ્યુરો ખંડ ખાતે ધારાસભ્યશ્રીઓ માટે મેડિકલ કેમ્પના આયોજન અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**સોમવાર, તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩**

૧. **નિયમ-૫૧ હેઠળ સભ્યશ્રીઓને ગૃહની કાર્યવાહીમાંથી દૂર કરવા અંગે**

કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમિત ચાવડા દ્વારા તા. ૨૪મી માર્ચના રોજ સંસદમાં થયેલ નિર્ણયના અનુસંધાને મુદ્દો ઉપસ્થિત કરતા, અત્યારે પ્રશ્નોત્તરીનો સમય હોઇ, પ્રજાના પ્રશ્નોનો ઉકેલ પહેલા, ત્યારબાદ ચર્ચા આપણે કરીશું તેવું માનનીય અધ્યક્ષશ્રીએ જણાવતાં, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ દ્વારા પ્લેકાર્ડ દર્શાવી, સતત સૂત્રોચ્ચાર કરતા માનનીય અધ્યક્ષશ્રીએ આવા દેખાવો ન કરવા અને પ્રશ્નોત્તરી કાળ આગળ ચાલવા દેવા માટે વારંવાર વિનંતીઓ કરવા છતા, કોંગ્રસ પક્ષના સભ્યશ્રીઓ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર સાથે વેલમાં આવી જતા, માનનીય અધ્યક્ષશ્રીએ પ્રદર્શન અને સૂત્રોચ્ચાર કરી રહેલા સભ્યશ્રીઓને નેઇમ કર્યા. માનનીય અધ્યક્ષશ્રીએ પોતાના સ્થાન ઉપર જવા માટે વારંવાર વિનંતીઓ કરવા છતાં, કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓએ પ્લે-કાર્ડ દર્શાવવાનું અને સૂત્રોચ્ચાર કરવાનું સતત ચાલુ રાખતા તેઓશ્રીને નિયમ-૫૧ હેઠળ આજના દિવસની કાર્યવાહીમાંથી દૂર કર્યા અને માનનીય સભ્યશ્રીઓને માનપૂર્વક બહાર લઇ જવા માટે સાર્જન્ટને આદેશ કર્યો.

૨. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૩. **માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

**કોંગ્રેસના સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવા અંગે**

સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રશ્નોત્તરી કાળ મહત્તવનો હોઇ તે દરમિયાન કોંગ્રેસ પક્ષના સભ્યો દ્વારા કાળાં કપડાં ધારણ કરીને હાથમાં પ્લે-કાર્ડ બતાવી, સતત સૂત્રોચ્ચાર કરી, વેલમાં ધસી આવી, સભાગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડતા, માનનીય અધ્યક્ષશ્રીની કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓને પોતાની જગ્યા ઉપર સ્થાન લેવા માટેની વારંવાર વિનંતી કરવા છતા, સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવામાં સતત ખલેલ પહોંચાડતા તમામ સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, જેને ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતે સમર્થન આપ્યું. **પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા અને નેઇમ કરેલા તમામ સભ્યશ્રીઓને સત્ર સમાપ્તિ સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા.

૪. **પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન**

**માગણીઓ પરની ચર્ચા દરમ્યાન મંત્રીશ્રી પાસે જવાબનો આગ્રહ રાખવા અંગે**

માનનીય મંત્રીશ્રીઓ માગણીઓ પરની ચર્ચાના જવાબમાં સભ્યશ્રીઓના પ્રશ્નોના જવાબો પણ વણી લેતા હોવાથી, મંત્રીશ્રીઓ સભ્યશ્રીઓના પ્રશ્નોના જવાબ ન આપતા હોવાથી કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓની મીડિયા સમક્ષ થયેલ રજૂઆત યોગ્ય નથી તેમ માનનીય સભ્યશ્રી રમણલાલ વોરાએ ક્લેરિફિકેશન કરતાં, મંત્રીશ્રી પાસેથી અમુક જ પ્રકારે જવાબ આપવાનો આગ્રહ ન કરતાં, પ્રશ્નોનો વહેલી તકે ઉકેલ લાવવાનો ઉદ્દેશ હોવો જોઇએ તેમ માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું.

૫. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

કર વસૂલાત ખર્ચ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૨, વીજળી શક્તિ પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૩, નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૫, કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૭ તથા પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક-૧૮ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નાણાં વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક-૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ માનનીય સભ્યશ્રીએ રજૂ કરી. માગણી ક્રમાંક-૧૩, માગણી ક્રમાંક-૧૫, માગણી ક્રમાંક- ૧૬, માગણી ક્રમાંક-૧૭ અને માગણી ક્રમાંક-૧૮ ઉપરની કાપ દરખાસ્ત માનનીય સભ્યશ્રીઓ સસ્પેન્ડ હોવાથી સભાગૃહમાં રજૂ થયેલ નથી

માનનીય અધ્યક્ષશ્રીએ, માગણીઓ પરની ચર્ચાની શરૂઆતમાં માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ. ત્યારબાદ નવ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ તથા નાણાં વિભાગની ચર્ચાનો જવાબ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા નાણાં વિભાગના માનનીય મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ આપ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક-૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક-૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૬. **સન ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવિષ્ટ ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ માગણી ક્રમાંક-૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજ્ય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વ સંમતિથી સ્વીકાર કરવામાં આવ્યો.

૭. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની બેઠક અંગે.**

ગુજરાત પાર્લામેન્ટરી એસોસિએશનની ખાસ સામાન્ય સભાની બેઠક આજ રોજ તા. ૨૭મી માર્ચ, ૨૦૨૩ ના રોજ વિધાનસભા ભવનના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં વિધાનસભાની બેઠક પૂરી થયા પછી તરત જ રાખવામાં આવેલ હોવાથી દરેક સભ્યશ્રીએ તેમાં અચૂક હાજર રહેવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી

**મંગળવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

**ગટરની સફાઇ વખતે ગેસ ગળતરથી મૃત્યુ અંગે**

સભ્યશ્રી ડૉ. દર્શિતા શાહે નિયમ-૧૧૬ અન્વયે ''રાજકોટ શહેરમાં ગટરની સફાઇ વખતે ગેસ ગળતરથી સફાઇ કામદાર અને કોન્ટ્રાક્ટરનું મૃત્યુ થતા સફાઇ કામદારોમાં રોષ અને ભયની લાગણી વ્યાપી છે, ત્યારે તેના પરિવારજનોને સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાનું ધ્યાન દોર્યું.

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૪) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજ-ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ

(૮) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૯) ગુજરાત ઠાકોર કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૧૦) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૧૧) ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૧૨) ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૨-૨૩ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૩-૨૪ના અંદાજો

(૧૩) સન ૨૦૦૩ ના વીજળી અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના

(૧) ૦૮/૦૪/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીઇઆરસી/લીગલ/૨૦૨૨/૦૫૭૩

(૨)તા. ૩૧/૦૫/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીઇઆરસી/લીગલ/૨૦૨૩/૦૨૫૭

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૧૪) સન ૨૦૧૭ના માનવ રોગ-પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ-પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ અન્વયેનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું તા.૩૦/૦૪/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંકઃ પી/૧૭/એઆઇડી/૧૦૨૦૧૯/૭૦૨/જી/જી.એસ.આર. તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

(૧૫) વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૦૭/૧૦/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/૧૮૩/૨૦૨૨/૫૩/એ તથા સન ૧૯૭૯ ના ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૦૭/૧૦/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/૧૮૪/૨૦૨૨/૫૩/એ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**૪. અનુમતિ મળેલ વિધેયકો**

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ (બીજા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૪ સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

**૫. કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલની રજૂઆત**

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

**૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ**

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**૭. સરકારી વિધેયક**

(૧) માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૭-સન ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિનિયોગ વિધેયક ઉપર મુદ્દા આપનાર સભ્યશ્રીઓને ગૃહની સેવા બજાવવામાંથી તા. ૨૭-૩-૨૦૨૩ના રોજ સસ્પેન્ડ કર્યા હોઇ વિધેયક ઉપર ચર્ચા થઇ શકી નહીં.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ-૨ અને ૩, અનુસૂચિ, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ-૨ અને ૩, અનુસૂચિ, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાંચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાણાં મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૫-સન ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ- ૨ થી ૫, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ- ૨ થી ૫, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાંચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૮. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**એમ.એલ.એ. ક્વાર્ટર અને સચિવાલયની વેબસાઇટ અંગે**

વિધાનસભાના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવા એમ.એલ.એ. ક્વાર્ટર અને સચિવાલયની વેબસાઇટ અંગે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ હોવાથી માનનીય ધારાસભ્યશ્રીઓને ૨-૦૦ વાગ્યા પછી પહોંચી જવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૯. **બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન-સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાંથી સસ્પેન્ડ હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

(૨) સભ્યશ્રી મહેશ કસવાલાએ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ કુલ બે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

**પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.**

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્યશ્રી પ્રવિણકુમાર માળીએ ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૨-સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ કુલ ત્રણ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય શિક્ષણમંત્રી ડૉ.કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૪) સભ્યશ્રી હર્ષદભાઇ પટેલે'સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૧-સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ કુલ બે સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી મુકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**બુધવાર તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩**

૧. **પ્રશ્નોત્તરી**

પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

કમોસમી વરસાદથી ખેતીના પાકોને થયેલ નુકસાન અંગે.

સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીએ નિયમ-૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં રાજ્યમાં પડેલ કમોસમી વરસાદથી ખેતીના પાકોને થયેલ વ્યાપક નુકસાનથી ખેડૂત આલમમાં વ્યાપેલ નિરાશા દૂર કરવા સરકારે લીધેલાં કે લેવાં ધારેલા પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલનું ધ્યાન દોર્યું.

માનનીય કૃષિ અને પશુપાલન મંત્રીશ્રી રાઘવજીભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

રાજ્યોની જેલોમાં સરપ્રાઇઝ ચેકિંગ અંગે

**સભ્યશ્રી ઉદય કાનગડે નિયમ-૧૧૬ અન્વયે ‘‘તાજેતરમાં રાજ્યની ૧૭ જેલોમાં એક સાથે પોલીસની ટુકડીઓ દ્વારા બોડીવોર્ન કેમેરા સાથે સરપ્રાઇઝ ચેકિંગ કરતા કેટલીક પ્રતિબંધિત વસ્તુઓ મળી આવતાં, આવી ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા ઇસમો સામે સરકારે લીધેલા કે લેવાં ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીનું ધ્યાન દોર્યું.**

**માનનીય રાજ્ય કક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.**

**૩(અ) જાહેર અગત્યની બાબત પર પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલનું નિવેદન (નિયમ-૪૪)**

માનનીય પ્રવાસન પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નિયમ-૪૪ હેઠળનું એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ અંતર્ગત તામિલનાડુમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની મૂળ જન્મભૂમિ, માતૃભૂમિ એવા સોમનાથ ખાતે એકત્ર થવા અંગેની એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘટના અંગેના સરકારના નિર્ણયની જાહેરાત કરતું નિવેદન (વાચીને) કર્યું અને તામિલનાડુમાં ગયેલા માનનીય મંત્રીશ્રીઓએ પોતાના અનુભવો વર્ણવ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ પણ સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ અનુસંધાને ગુજરાતીપણાના એટેચમેન્ટ અંગેનો ભાવ દર્શાવી આ નિવેદન કરવા અંગેની માનનીય મંત્રીશ્રીને સ્પેશિયલ મંજૂરી આપવા અંગે અને માનનીય મંત્રીશ્રીઓને પણ રેર ઓફ ધી રેર કેસમાં તેમના અનુભવોની રજૂઆત કરવાનો મોકો આપ્યો તેમ જણાવ્યું.

૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨) (ગુજરાતી અને અંગ્રેજી)**

**(ખ) ગુજરાત સરકારના સન ૨૦૨૧-૨૨ના વર્ષના વિનિયોગ હિસાબો(ગુજરાતી અને અંગ્રેજી)**

**(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના સન ૨૦૨૧-૨૨ના વર્ષના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)**

**(ઘ) ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો સમુદ્રતટીય પર્યાવરણના સંરક્ષણ અને વ્યવસ્થાપનની કામગીરી પરનો ઓડિટ અહેવાલ (ગુજરાતી અને અંગ્રેજી)**

**(૨) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમનો સન ૨૦૧૭-૧૮નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહનામેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન**

**(૩) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ**

**(૪) ગુજરાત લોકાયુક્તનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ**

**(૫) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ તેમજ વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ**

**(૫-અ) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન**

**(૬) સન ૨૦૧૯ના ગ્રાહક સુરક્ષા અધિનિયમ અન્વયેના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના,**

**(૧) તા.૨૧/૦૮/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૧/૧૬/સીપીએ/ ૧૦૨૦૨૦/૪૫૫૮૬૯/ડી**

**(૨) તા.૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૨/03/ સીપીએ/ ૧૦૨૦૨૧/ ૨૧૧૦૨૦/ડી**

**3) તા.૧૯/૦૨/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૨/૦૪/ સીપીએ/ ૧૦૨૦૨૧/૨૧૧૦૨૦/ ડી**

**(૪) તા.૧૪/03/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/ ૨૦૨૨/૦૭/ સીપીએ/ ૧૦૨૦૨૧/૧૭૨૬૭૦/ડી**

**(૫) તા.૨૧/૦૩/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ /૨૦૨૨ / ૦૮/ સીપીએ/ ૧૦૨૦૨૧/ ૧૪૬૧૪૮/ડી તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન**

**૫.** સરકારી વિધેયક

**(૧) માનનીય રાજ્ય કક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઇ પાનશેરિયાએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૨૦૨૩નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.**

**ત્યારબાદ કુલ અગિયાર સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

**૬** માનનીય અધ્યક્ષશ્રીની ટકોર

**સભાગૃહમાં પ્રવચન કરતી વખતે માનનીય ધારાસભ્યશ્રીઓ વાચીને પ્રવચન કરી શકતા નથી. પરંતુ નવું સત્ર અને નવા ઘણા બધા સભ્યશ્રીઓ હોવાથી આ સત્રમાં છૂટછાટ આપવામાં આવે છે, પરંતુ હવે પછીના સત્રમાં માનનીય ધારાસભ્યશ્રીઓ તૈયાર થઇને આવે. માત્ર આંકડાકીય માહિતી, મુદ્દાઓ જોઇને બોલી શકાય છે, તેવી સભ્યશ્રીઓ અને મંત્રીશ્રીઓને માનનીય અધ્યક્ષશ્રીએ ટકોર કરી.**

**૭** સરકારી વિધેયક ( ક્રમશઃ)

**ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ આપ્યો.**

**ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

કલમવાર વાચન

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**કલમ-૨, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.**

**ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.**

૮. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

" સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત જળ સંચય અભિયાનને વધુ સક્રિય બનાવવા અંગે

**સભ્યશ્રી ભગવાનજીભાઇ કરગટિયાએ " સુજલામ સુફલામ જળ અભિયાન" અંતર્ગત જળસંચયનાં વિવિધ કામો હાથ ધરવામાં આવે છે, જેના ફળસ્વરૂપે જળસંચયનો વ્યાપ જોતા આ અભિયાન અંતર્ગત ૨૦૨૩ના વર્ષની તા. ૧૭-૨-૨૦૨૩થી જળસંચયનાં કામો હાથ ધરવામાં આવી રહ્યાં છે, ત્યારે ઉપલબ્ધ પાણીનો કરકસરયુક્ત અને ઉચિત ઉપયોગ કરવા માટે જળ સંચય અભિયાનને વધુ સક્રિય તથા સફળ બનાવવા માટે ચર્ચા-વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યક્ત કર્યું.**

**ત્યારબાદ જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સહિત કુલ આઠ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.**

૯. સભાગૃહની બેઠકનો સમય લંબાવવા અંગે

**મુખ્ય દંડકશ્રી બાળકૃષ્ણ શુકલે માનનીય મંત્રીશ્રીનો પ્રસ્તાવ પરનો જવાબ પૂરો થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ મૂકતાં, તેને આમ આદમી પાર્ટીના સભ્યશ્રી ઉમેશ મકવાણાએ સમર્થન આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તદઅનુસાર સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.**

**૧૦** છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) ( ક્રમશઃ)

**ત્યારબાદ જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.**

**છેલ્લા દિવસના પ્રસ્તાવ પરની ચર્ચા પૂરી થઇ.**

**૧૧.** સત્રાંતે આભાર વિધિ

**૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં છેલ્લા દિવસે માનનીય અધ્યક્ષશ્રીએ શાસક પક્ષના તેમજ વિપક્ષના તમામ સભ્યો તેમજ મંત્રીશ્રીઓનો સભાગૃહના સુચારું સંચાલનમાં સહકાર આપવા બદલ આભાર માન્યો. ત્યારબાદ સભ્યશ્રી જિતેન્દ્રભાઇ વાઘાણી, શ્રીમતી રીવાબા જાડેજા અને શ્રી હેમંત આહિરે પણ સૌનો હૃદયપૂર્વક આભાર માન્યો.**

**૧૨.** સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે

**માનનીય અધ્યક્ષશ્રીએ સાંજના ૪-૧૫ વાગ્યે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત સમય માટે મુલતવી રાખી.**

ત્યારબાદ " વંદેમાતરમ " રાષ્ટ્રીય ગીતની ધૂન બજાવવામાં આવી.

## પત્રક ક્રમાંક :-૨૩

### (જુઓ ફકરા ક્રમાંક:-૨૫)

### સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજ-પત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | સંકલ્પો | | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાન સભાની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકૂફીના પ્રસ્તાવો પર ચર્ચા | મંત્રી મંડળમાં અવિશ્વાસ વ્યક્ત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | સરકારી સંકલ્પો | બિન સરકારી સંકલ્પો | | | | |
| (૧) | (૨) | (3) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) | (૧૫) |
| ૧ | શ્રી પ્રદ્યુમનસિંહ મ. જાડેજા | ૧ | - | 3 | - | - | - | ૧ | - | - | - | - | - | ૫ |
| ૨ | શ્રી અનિરૂધ્ધ ભા.દવે | ૧ | - | 3 | - | - | - | - | - | ૧ | - | - | - | ૫ |
| 3 | શ્રી કેશુભાઇ શી.પટેલ | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | 3 |
| ૪ | શ્રી ત્રિકમ બિ. છાંગા | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | શ્રીમતી માલતી કિ. મહેશ્વરી | - | ૧ | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૬ | શ્રી વિરેન્દ્રસિંહ બ.જાડેજા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭ | ગેનીબેન ન. ઠાકોર | ૨ | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| ૮ | શ્રી શંકરભાઇ લ.ચૌધરી (માન.અધ્યક્ષશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૯ | શ્રી માવજીભાઇ મ.દેસાઇ | ૧ | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | ૩ |
| ૧૦ | શ્રી કાન્તીભાઇ કા. ખરાડી | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૧ | શ્રી જિગ્નેશકુમાર ન. મેવાણી | ૧ | - | ૩ | - | - | ૧ | ૧ | - | - | - | - | - | ૬ |
| ૧૨ | શ્રી અનિકેત ગિ.ઠાકર | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૩ | શ્રી પ્રવિણકુમાર ગો.માળી | ૧ | ૧ | ૧ | - | - | ૨ | ૧ | - | - | - | - | - | ૬ |
| ૧૪ | શ્રી કેશાજી શિ.ચૌહાણ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૫ | શ્રી અમૃતજી મો.ઠાકોર | ૩ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૧૬ | શ્રી લવિંગજી મુ.સોલંકી | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૭ | શ્રી દિનેશભાઇ આ.ઠાકોર | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૮ | શ્રી કિરીટકુમાર ચી. પટેલ | ૨ | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| ૧૯ | શ્રી બલવંતસિંહ ચં.રાજ્પુત (માન.મંત્રીશ્રી) | - | - | ૨ | - | - | - | - | - | ૧ | - | - | - | ૩ |
| ૨૦ | શ્રીસરદારભાઇ શા.ચૌધરી | - | - | ૨ | - | - | ૧ | ૧ | - | - | - | - | - | ૪ |
| ૨૧ | શ્રી કિરીટકુમાર કે.પટેલ | ૧ | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૨૨ | શ્રી ઋષિકેશ ગ. પટેલ | ૧ | ૧ | ૨ | - | - | - | ૧ | - | - | - | - | ૧ | ૬ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (માન.મંત્રીશ્રી) | | | | | | | | | | | | | |
| ૨૩ | શ્રી સુખાજી સો.ઠાકોર | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૨૪ | શ્રી કરશનજી પું. સોલંકી | - | - | ૩ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૨૫ | શ્રી મુકેશકુમાર ડી.પટેલ | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૨૬ | ડૉ.સી.જે.ચાવડા | ૩ | ૧ | ૩ | - | - | - | - | - | ૩ | - | - | - | ૧૦ |
| ૨૭ | શ્રી વિનેન્દ્રસિંહ દિ.ઝાલા | - | ૧ | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૨૮ | શ્રીરમણલાલ ઇ.વોરા | ૧ | - | ૩ | - | - | ૧ | ૧ | - | - | - | - | - | ૬ |
| ૨૯ | ડૉ.તુષાર અ. ચૌધરી | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૩૦ | શ્રી પી.સી.બરંડા | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૩૧ | શ્રી ભીખુસિંહજી ચ.પરમાર (માન.રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૩૨ | શ્રી ધવલસિંહ ન.ઝાલા | ૩ | - | ૧ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૬ |
| ૩૩ | શ્રી ગજેન્દ્રસિંહ ઉ.પરમાર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૩૪ | શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૩૫ | શ્રી અલ્પેશ ખો.ઠાકોર | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૩૬ | શ્રી રીટાબેન કે.પટેલ | - | ૧ | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૩૭ | શ્રી જયંતીભાઇ સો.પટેલ | ૧ | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૩૮ | શ્રી લક્ષ્મણજી પું.ઠાકોર | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૩૯ | શ્રી હાર્દિક ભ.પટેલ | ૧ | - | ૩- | - | - | - | ૧ | - | - | - | - | - | ૫ |
| ૪૦ | શ્રી કનુભાઇ ક. પટેલ | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૪૧ | શ્રી ભુપેન્દ્રભાઇ ર. પટેલ (માન.મુખ્યમંત્રીશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૨ | શ્રી અમીત ઠાકર | ૩ | ૧ | - | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૬ |
| ૪૩ | શ્રી બાબુસિંહ સા.જાદવ | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૪૪ | શ્રી અમીત  શાહ | ૨ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૪૫ | શ્રી જીતેન્દ્રકુમાર ર. પટેલ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૪૬ | શ્રી જગદીશ વિશ્વકર્મા (માન.રા.ક.મંત્રીશ્રી) | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૪૭ | શ્રી પાયલ મ.કુકરાની | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૪૮ | શ્રીકંચનબેન વિ.રાદડિયા | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૪૯ | શ્રી દિનેશસિંહ રા.કુશવાહ | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૫૦ | ડૉ.હસમુખ પટેલ | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૫૧ | શ્રી કૌશિકભાઇ સુ.જૈન | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૫૨ | શ્રી ઇમરાન યુ. ખેડાવાલા | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૫૩ | શ્રી અમુલ ભટ્ટ | ૧ | - | ૩ | - | - | - | - | - | ૧ | - | - | - | ૫ |
| ૫૪ | શ્રી શૈલેષ મ. પરમાર | ૩ | - | ૩ | - | - | ૧ | - | - | - | - | - | - | ૭ |
| ૫૫ | શ્રી હર્ષદભાઇ ર.પટેલ | ૨ | ૧ | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| ૫૬ | શ્રી દર્શના એમ.વાઘેલા | - | - | ૪ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૫૭ | શ્રી બાબુભાઇ જ. પટેલ | - | ૧ | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૫૮ | શ્રી કિરીટસિંહ સ.ડાભી | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૫૯ | શ્રી કાળુભાઈ રૂ.ડાભી | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૬૦ | શ્રીપરસોત્તમભાઇ ખે.પરમાર | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૬૧ | શ્રી કિરીટસિંહ જી. રાણા | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |

| | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬૨ | શ્રીજગદીશભાઇ પ્ર.મક્વાણા (માન.નાયબ મુખ્યદંડકશ્રી) | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૬૩ | શ્રી શામજીભાઇ ભી.ચૌહાણ | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૬૪ | શ્રી પ્રકાશભાઇ પ.વરમોરા | - | - | ૨ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૪ |
| ૬૫ | શ્રી કાંતીલાલ શી.અમૃતિયા | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૬૬ | શ્રી દુર્લભજીભાઇ હ.દેથરીયા. | - | ૧ | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૬૭ | શ્રી જીતેન્દ્ર કાં.સોમાણી | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૬૮ | શ્રી ઉદય કાનગડ | ૨ | - | ૨ | - | - | ૧ | - | - | - | - | - | - | ૫ |
| ૬૯ | ડૉ.દર્શીતા શાહ | ૧ | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૭૦ | શ્રી રમેશભાઇ વિ. ટીલાળા | - | - | ૨ | - | - | - | ૧ | - | ૨ | - | - | - | ૫ |
| ૭૧ | શ્રી ભાનુબેન મ.બાબરીયા (માન.મંત્રીશ્રી) | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૭૨ | શ્રી કુંવરજીભાઇ મો.બાવળીયા (માન.મંત્રીશ્રી) | - | ૧ | ૨ | - | - | ૧ | - | - | - | - | - | - | ૪ |
| ૭૩ | શ્રીમતી ગીતાબા જ. જાડેજા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭૪ | શ્રી જયેશભાઇ વિ. રાદડીયા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૭૫ | ડૉ.મહેન્દ્રભાઇ પાડલીયા | ૨ | - | ૨ | - | - | - | ૧ | - | ૧ | - | -- | - | ૬ |
| ૭૬ | શ્રી મેઘજીભાઇ અ.ચાવડા | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૭૭ | શ્રી રાઘવજીભાઇ હ. પટેલ | - | - | ૨ | - | - | - | - | - | ૧ | - | - | - | ૩ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | (માન.મંત્રીશ્રી) | | | | | | | | | | | | | |
| ૭૮ | શ્રી રિવાબા ર. જાડેજા | ૧ | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૭૯ | શ્રી દિવ્યેશભાઇ ર.અક્બરી | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૮૦ | શ્રી હેમંતભાઇ હ.આહિર | ૧ | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૮૧ | આયર શ્રી મુળુભાઇ હ.બેરા (માન.મંત્રીશ્રી) | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | ૨ |
| ૮૨ | શ્રી પબુભા વી.માણેક | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮૩ | શ્રી અર્જુનભાઇ દે.મોઢવાડીયા | ૩ | ૧ | ૩ | - | - | ૨ | ૧ | - | - | - | - | ૧ | ૧૧ |
| ૮૪ | શ્રી કાંધલ સ. જાડેજા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮૫ | શ્રી અરવીંદભાઇ જી.લાડાણી | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮૬ | શ્રી સંજય સુ.કોરડીયા | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૮૭ | શ્રી ભુપેન્દ્રભાઇ ગાં.ભાયાણી | -- | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૮૮ | શ્રી  દેવાભાઇ પું. માલમ | - | - | ૨ | - | - | ૧ | - | - | - | - | - | - | ૩ |
| ૮૯ | શ્રી ભગવાનજીભાઇ લા.કરગટીયા. | - | - | ૨ | - | - | ૨ | - | - | - | - | - | - | ૪ |
| ૯૦ | શ્રી  વિમલભાઇ કા. ચુડાસમા | - | - | ૨ | - | - | ૧ | - | - | - | - | - | - | ૩ |
| ૯૧ | શ્રી ભગાભાઇ ધા. બારડ | ૧ | ૧ | ૨ | - | - | ૨ | - | - | - | - | - | - | ૬ |
| ૯૨ | શ્રી પ્રદ્યુમન ગ.વાજા | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૯૩ | શ્રી કાળુભાઇ ચ.રાઠોડ | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૪ | શ્રી જે વી. કાકડિયા | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૯૫ | શ્રી કૌશિક કા.વેકરિયા (માન.નાયબ મુખ્યદંડકશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૯૬ | શ્રી જનકભાઇ તળાવિયા | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૯૭ | શ્રી મહેશ કસવાલા | ૧ | ૧ | ૧ | - | - | - | ૨ | - | - | - | - | - | ૫ |
| ૯૮ | શ્રી હિરાભાઇ ઓ.સોલંકી | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | ૨ |
| ૯૯ | શ્રી શિવાભાઇ જે.ગોહીલ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૦૦ | શ્રી ગૌતમભાઇ ગો.ચૌહાણ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૦૧ | શ્રી સુધીરભાઇ વાઘાણી | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૦૨ | શ્રી ભીખાભાઇ ર. બારૈયા | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૦૩ | શ્રી પરસોત્તમભાઇ ઓ. સોલંકી (માન.રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૦૪ | શ્રીમતી સેજલબેન રા.પંડયા | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૦૫ | શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી | ૪ | - | ૩ | - | - | - | ૧ | - | - | - | - | ૧ | ૯ |
| ૧૦૬ | મહંતશ્રી શંભુનાથ ટુંડિયા | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૧ |
| ૧૦૭ | શ્રી ઉમેશભાઇ ના.મક્વાણા | ૫ | ૧ | ૧૧ | - | - | ૧ | ૧ | - | ૧ | - | - | - | ૨૦ |
| ૧૦૮ | શ્રી  ચિરાગકુમાર અ.પટેલ | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૦૯ | શ્રી રમણભાઇ ભી.સોલંકી (માન.નાયબ મુખ્યદંડકશ્રી) | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૧૦ | શ્રી અમિત ચાવડા | ૨ | - | ૩ | - | - | ૧ | ૧ | - | - | - | - | ૧ | ૮ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૧ | શ્રી ગોવિંદભાઇ ર. પરમાર | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૧૨ | શ્રી યોગેશ આર.પટેલ | - | - | ૨ | - | - | - | - | - | ૧ | - | - | - | ૩ |
| ૧૧૩ | શ્રી કમલેશભાઇ ર.પટેલ | ૧ | - | ૨ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૫ |
| ૧૧૪ | શ્રી વિપુલકુમાર વિ.પટેલ | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૧૧૫ | શ્રી કલ્પેશભાઇ આ.પરમાર | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૧૬ | શ્રી પંકજભાઇ વિ. દેસાઇ | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૧૭ | શ્રી અર્જુનસિંહ ઉ. ચૌહાણ | - | - | ૧ | - | - | - | - | - | ૧ | - | - | - | ૨ |
| ૧૧૮ | શ્રી સંજયસિંહ વિ.મહિડા | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૧૯ | શ્રી યોગેન્દ્રસિંહ પરમાર | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૨૦ | શ્રી રાજેશકુમાર મ.ઝાલા | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૧ |
| ૧૨૧ | શ્રી માનસિંહ કો.ચૌહાણ | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૨૨ | શ્રી ગુલાબસિંહ સો.ચૌહાણ | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૨૩ | ડૉ. કુબેરભાઇ મ. ડીંડોર (માન.મંત્રીશ્રી) | ૧ | ૧ | ૧ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૫ |
| ૧૨૪ | શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (માન.ઉપાધ્યક્ષશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૨૫ | શ્રી નિમિષાબેન મ. સુથાર | ૧ | ૧ | ૨ | - | - | ૧ | ૧ | - | - | - | - | - | ૬ |
| ૧૨૬ | શ્રી સી.કે.રાઉલજી | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૨૭ | શ્રીફતેસિંહ વ.ચૌહાણ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | ૧ | ૩ |
| ૧૨૮ | શ્રી જયદ્રથસિંહજી પરમાર | ૧ | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૧૨૯ | શ્રી રમેશભાઇ ભુ. કટારા | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૩૦ | શ્રી મહેશભાઇ સો.ભુરીયા | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૧ | શ્રી શૈલેષભાઇ સુ. ભાભોર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૩૨ | શ્રી કનૈયાલાલ બ.કિશોરી | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૩૩ | શ્રી મહેન્દ્રભાઇ ર.ભાભોર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૩૪ | શ્રી બચુભાઇ મ. ખાબડ (માન.રા.ક.મંત્રીશ્રી) | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૩૫ | શ્રી કેતનભાઇ મ. ઇમાનદાર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૩૬ | શ્રી ધર્મેન્દ્રસિંહ ર.વાઘેલા | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૧ |
| ૧૩૭ | શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા | - | - | ૧ | - | - | ૧ | - | - | - | - | - | - | ૨ |
| ૧૩૮ | શ્રી જયંતીભાઇ સ.રાઠવા | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૩૯ | શ્રી અભેસિંગ મો. તડવી | - | - | ૪ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૧૪૦ | શ્રી શૈલેષભાઇ ક. મહેતા | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૪૧ | શ્રીમતી મનિષા રા.વકીલ | - | - | ૨ | - | - | - | - | - | ૧ | - | - | - | ૩ |
| ૧૪૨ | શ્રી કેયુર ના.રોકડિયા | ૧ | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૪ |
| ૧૪૩ | શ્રીચૈતન્ય મ.દેસાઇ | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૧૪૪ | શ્રી બાળકૃષ્ણ ખં.શુકલ (માન.મુખ્યદંડકશ્રી) | - | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૪૫ | શ્રી યોગેશભાઇ ના. પટેલ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૧૪૬ | શ્રી ચૈતન્યસિંહ પ્ર.ઝાલા | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૪૭ | શ્રી અક્ષયકુમાર ઇ. પટેલ | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૪૮ | ડૉ.દર્શના ચં.દેશમુખ | - | ૧ | ૩ | - | - | - | ૧ | - | - | - | - | - | ૫ |
| ૧૪૯ | શ્રી ચૈતરભાઇ દા.વસાવા | ૨ | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૪ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૦ | સ્વામીશ્રી ડી.કે. | ૧ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૫૧ | શ્રી અરૂણસિંહ અ. રણા | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૧૫૨ | શ્રી રીતેશકુમાર ર. વસાવા | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૫૩ | શ્રી રમેશભાઇ ના.મિસ્ત્રી | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૫૪ | શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૫૫ | શ્રી મુકેશભાઇ ઝી. પટેલ (માન.રા.ક.મંત્રીશ્રી) | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૧ |
| ૧૫૬ | શ્રી ગણપતસિંહ વે. વસાવા | ૧ | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૧૫૭ | શ્રી કુંવરજીભાઇ ન.હળપતિ (માન.રા.ક.મંત્રીશ્રી) | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૫૮ | શ્રી પ્રફુલ પાનશેરીયા (માન.રા.ક.મંત્રીશ્રી) | ૧ | - | ૧ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૫૯ | શ્રી અરવિંદ શાં. રાણા | - | - | ૩ | - | - | - | - | - | - | - | - | - | ૩ |
| ૧૬૦ | શ્રી કાંતીભાઇ હિ. બલર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૬૧ | શ્રી કિશોર(કુમાર) કાનાણી | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૬૨ | શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૬૩ | શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ | - | ૧ | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૪ |
| ૧૬૪ | શ્રી મનુભાઇ એમ. પટેલ | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૬૫ | શ્રી હર્ષ ર. સંઘવી (માન.રા.ક.મંત્રીશ્રી) | ૧ | ૧ | ૨ | - | - | ૧ | ૧ | - | ૧ | - | - | - | ૭ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૬૬ | શ્રી વિનોદભાઇ અ. મોરડીયા | - | - | ૨ | - | - | - | - | - | - | - | - | - | ૨ |
| ૧૬૭ | શ્રી પૂર્ણેશ મોદી | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૬૮ | શ્રી સંદીપ દેસાઇ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૬૯ | શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૭૦ | શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૧ |
| ૧૭૧ | શ્રી મોહનભાઇ ઢે.કોંકણી | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૭૨ | ડૉ.જયરામભાઇ ચે.ગામીત | ૨ | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૭૩ | શ્રી વિજયભાઇ ર. પટેલ (માન.નાયબ મુખ્યદંડકશ્રી) | - | - | - | - | - | - | - | - | ૧ | - | - | - | ૧ |
| ૧૭૪ | શ્રી આર.સી.પટેલ | - | - | - | - | - | - | - | - | - | - | - | ૧ | ૧ |
| ૧૭૫ | શ્રી રાકેશ ગુ.દેસાઇ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૭૬ | શ્રી નરેશભાઇ મ. પટેલ | ૧ | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |
| ૧૭૭ | શ્રી અનંતકુમાર હ. પટેલ | - | - | - | - | - | - | ૧ | - | - | - | - | - | ૧ |
| ૧૭૮ | શ્રી અરવિંદ છો. પટેલ | - | - | ૧ | - | - | - | ૧ | - | - | - | - | - | ૨ |
| ૧૭૯ | શ્રી ભરતભાઇ કી. પટેલ | - | - | ૨ | - | - | - | ૧ | - | ૧ | - | - | - | ૪ |
| ૧૮૦ | શ્રી કનુભાઇ મો. દેસાઇ (માન.મંત્રીશ્રી) | ૧ | - | ૪ | - | - | - | - | - | - | - | - | - | ૫ |
| ૧૮૧ | શ્રી જીતુભાઇ હ. ચૌધરી | - | - | - | - | - | - | - | - | - | - | - | - | - |
| ૧૮૨ | શ્રી રમણલાલ ના. પાટકર | - | - | ૨ | - | - | - | ૧ | - | - | - | - | - | ૩ |

પત્રક ક્રમાંક :-૨૪

(જુઓ ફકરા ક્રમાંક:-૨૬)

## સત્ર દરમિયાન નીચે દર્શાવેલ કુલ- ૦૬ (છ) મહાનુભાવના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા.

| ક્રમ | નામ | અવસાનની તારીખ | શોક પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | **સ્વ. શ્રી ઓમ પ્રકાશ કોહલી ગુજરાતના પૂર્વ રાજયપાલશ્રી** | **૨૦/૦૨/૨૦૨૩** | **૨૩/૦૨/૨૦૨૩** | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓ એ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૨ | **સ્વ. શ્રી રમણભાઇ કંસારાભાઇ ચૌધરી ગુજરાતના પૂર્વ રાજયકક્ષાના મંત્રીશ્રી** | **૧૬/૦૧/૨૦૨૩** | **૨૩/૦૨/૨૦૨૩** | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓ એ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૩ | **સ્વ.શ્રી નારણભાઇ કાળીદાસ પટેલ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી** | **૦૨/૦૨/૨૦૨૩** | **૨૩/૦૨/૨૦૨૩** | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓ એ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૪ | **સ્વ.શ્રી દાઉદભાઇ મિયાંભાઇ પટેલ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી** | **૨૪/૦૧/૨૦૨૩** | **૨૩/૦૨/૨૦૨૩** | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓ એ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૫ | **સ્વ.શ્રી મહિપતસિંહ ભાવુભા જાડેજા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી** | **૦૧/૦૨/૨૦૨૩** | **૨૩/૦૨/૨૦૨૩** | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓ એ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું |
| ૬ | **સ્વ.શ્રી હરેશકુમાર ઇન્દ્રપ્રસાદ ભટ્ટ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી** | **૧૫/૦૨/૨૦૨૩** | **૨૩/૦૨/૨૦૨૩** | સદગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓ એ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું |